**સુવિચાર**
નિષ્ણાંતોનું માનવું છે કે દરેક માણસ પોતાની જિંદગીનો મોટાભાગનો હિસ્સો બેદરકારીમાં વેડફી નાંખે છે.
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૦/૦૩/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

એક એવી શાળા કે જયાં ભણવાનું ગૌરવ થાય
**નિત્યમ વિદ્યા સંકુલ**
નવા શૈક્ષણિક સત્રથી અમરેલીમાં...
બાલ મંદિરથી ધોરણ-૧૨, (સાયન્સ,કોમર્સ,આર્ટસ) ગુજરાતી/અંગ્રેજી માધ્યમ, બોયઝ & ગર્લ્સ હોસ્ટેલ

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ફાગણ વદ-૫ વર્ષ : ૧૫ અંક : ૦૯૧

## ભાજપનાં ઉમેદવારનું નામ જાહેર થયા બાદ સન્નાટો છવાયો

# લોકસભા વિસ્તારનાં કાર્યકરોમાં હતાશા અને મતદારોમાં નિરાશા

**ભાજપનાં ઉમેદવારની પસંદગી સામે કોંગ્રેસનાં ઉમેદવારની પસંદગી શ્રેષ્ઠ સાબિત થતાં ભાજપીઓ ચિંતામાં**

**ભાજપનાં ઉમેદવારનું નામ જાહેર થતાં જ પ્રદેશ નેતા રત્નાકર, પ્રભારી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, હકુભા જાડેજાને સતત રજૂઆત**

**કલસ્ટર પ્રભારી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનું આજે સાંજે અમરેલીમાં આગમન**

**જિલ્લા ભાજપનાં કદાવર નેતાઓ દિલીપ સંઘાણી, બાવકુભાઈ ઉંઘાડ, ડો. કાનાબાર, વસ્તરપરા, હિરેન હિરપરા સાથે બેઠક થશે**

અમરેલી, તા. ૨૯

અમરેલી લોકસભા વિસ્તારનાં ભાજપનાં ઉમેદવારનું નામ રવિવારે સાંજે જાહેર થતાં જ ભાજપનાં મોટાભાગનાં આગેવાનો અને કાર્યકરોમાં હતાશા અને આશ્ચર્યજનક રીતે મતદારોમાં નિરાશાનો માહોલ છવાયો છે. કોંગી આગેવાનો અને કાર્યકરો ગેલમાં આવી ગયા છે.

ભાજપનાં ઉમેદવારની પસંદગીની સામે કોંગ્રેસ પક્ષનાં મહિલા ઉમેદવાર વધારે શિક્ષિત, લોકસભામાં સચોટ રજૂઆત કરી શકે તેવા હોય, યુવાન હોય, મહિલાઓ અને યુવા મતદારોને તેમના તરફી મત અપાવી શકે તેવા સક્ષમ સહિતનાં અનેક રીતે પ્રબળ હોવાથી ભાજપનાં ટોચનાં આગેવાનો, હજારો કાર્યકરોમાં બેઠકને લઈને ચિંતા ઉભી થઈ રહી છે. તો મતદારોમાં ભાજપ તરફી મતદાન કરવું કે કેમ તેને લઈને અવઢવ જોવા મળે છે.

દરમિયાનમાં ભાજપનાં જિલ્લાનાં આગેવાનોએ પ્રદેશ મહામંત્રી રત્નાકર, કલસ્ટર પ્રભારી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રભારી હકુભાઈ જાડેજા અને હાઈકમાન્ડ સુધી સતત રજૂઆત કરવામાં આવી છે.

આવતીકાલ શનિવારે કાલ શનિવારે કલસ્ટર પ્રભારી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સંકલન બેઠક માટે અમરેલી પધારતાં હોય બેઠક બાદ ભાજપનાં કદાવર નેતાઓ દિલીપ સંઘાણી, નારણભાઈ કાછડીયા, હિરેન હિરપરા, બાવકુભાઈ ઉંઘાડ, ડો. કાનાબાર, ગોપાલભાઈ વસ્તરપરા, પી.પી. સોજીત્રા વિગેરે કલ્સ્ટર પ્રભારી સાથે બેઠક કરવાનાં હોવાનું જાણવા મળેલ છે.

## અમુક વિસ્તારમાં જ પાણી વિતરણ બંધ

# અમરેલીમાં બાયપાસ સિવાયનાં અન્ય વિસ્તારમાં પાણી વિતરણ યથાવત

**પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા જણાવાયું**

અમરેલી, તા. ૨૯


ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા પાણી પુરવઠો બંધ રહેવા અંગે ગઈકાલે જાહેરાત કરવામાં આવેલ હતી કે આગામી તા. ૩૦/૩/૨૪થી મુખ્ય પાણીની લાઈન ભંગાણનાં રીપેરીંગની કામગીરી કરવાના કારણે દસ દિવસ પાણી પુરવઠા બંધ

**અનુસંધાન પાના ૬ ઉપર**

## કયારેય કોઈએ ન અનુભવ્યો હોય તેવો ધડાકો થયો

# ખાંભા, જાફરાબાદ, ઉના પંથકમાં ભેદી ધડાકાથી જનતા જનાર્દનમાં ફફડાટનો માહોલ

**જો કે વિમાન તુટી પડયાની અફવા વાયરલ થઈ**




તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના

ઉના, તા. ૨૯

ઉના ગીરગઢડા પંથક નજીક જંગલ વિસ્તારની આસપાસ એક ભેદી ધડાકાનો અવાજ આવતા તાલુકાના અને ગ્રામ્ય વિસ્તારોમાં લોકોમાં ભયનું વાતાવરણ ફેલાઈ ગયું હતું. જોકે આ ધડાકાનો અવાજ આટલો બધો પ્રચંડ હતો કે લોકો ઘરની બહાર નીકળી ગયા હતા. આ ધડાકો ક્યાં થયો તેની હજુ સુધી કોઈ જાણકારી મળી નથી. આ ભેદી ધડાકો થતા ઉના ગીર ગઢડા ખાંભા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાંથી એકબીજાના ફોન ધણી ઉઠ્યા હતા. આ ધડાકો થતા લોકોના મોબાઈલ ગ્રુપમાં એવી અફવા ઉડવા લાગી હતી કે, ગીરગઢડાના ધોકડવા નજીક બેડીયા, ખાંભા વચ્ચે જંગલમાં એક પ્લેન ક્રેસ થયું છે.

આ ભેદી ધડાકો થતા લોકો ઘરની બહાર નીકળી ગયા હતા અને કહેતા હતા કે, આવો ધડાકો આજ સુધી કોઈ દિવસ સાંભળ્યો નથી તેઓ ધડાકો થયો હતો. ગભરાઈ જઈ તાત્કાલિક ઘરની બહાર નીકળી લોકો આકાશમાં અને આસપાસ જોવા લાગ્યા હતા. આ બાબતે ઉના મામલતદાર ડી.કે. ભીમાણી, ખાંભા મામલતદાર એ.પી. અંટાળિયા, ખાંભા આર.એફ.ઓ રાજલ પાઠક તેમજ તુલશીશ્યામ વન વિભાગ નો ટેલીફોનીક સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે ભેદી ધડાકો થયો છે. આજુબાજુના ગ્રામ્ય વિસ્તાર જેવા કે સનખડા, ગાંગડા, મોઠા, સામતેર, બેડીયા, સાળવા, સહિતના આજુબાજુના ગામમાંથી જાણવા મળ્યું છે કે, આકાશમાં વિમાન નીચી સપાટીએ જઈ રહ્યું હતું. ત્યારે આ ભેદી ધડાકાનો અવાજ આવ્યો હતો. જોકે વિમાન ક્રેશ થયું હોય તેવું કઈ જાણવા મળ્યું નથી. ગીરગઢડા જંગલ બોર્ડર નજીક આવેલા શાણાવાક્યા ગામની સિમ વાડીમાં એક નાનો ટુકડો પડ્યો હોય તેનો વીડિયો વાયરલ થયો હતો. જો કે ભેદી ધડાકાના અવાજથી લોકોમાં ભય ફેલાઈ ગયો હતો.









## રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ દ્વારા ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવામાં આવી

# લીલીયાની શિક્ષણ કચેરીમાં વર્ષોથી અડિંગો જમાવનાર શિક્ષક વિરૂધ્ધ રજૂઆત

**ગ્રામ્ય વિસ્તારની શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા શિક્ષકને તાલુકા કચેરીમાં કોણે ફરજ સોંપી તેવો પ્રશ્ન**

**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીનાં પરિપત્રનો પણ ખુલ્લેઆમ અનાદર થયાનો આક્ષેપ**

**સંઘ દ્વારા સ્થાનિક કચેરીમાં રજૂઆત કરવામાં આવી છતાં પણ ઉડાઉ જવાબ આપવામાં આવ્યો**

**ખાનગી માલીકીની કચેરીની જેમ પડયા પાથર્યા રહેતા શિક્ષકને દૂર કરવામાં ન આવે તો આંદોલનની ચીમકી**

અમરેલી, તા. ૨૯

અમરેલી રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘે લીલીયા તાલુકા શિક્ષણ કચેરીમાં નિયમ વિરૂધ્ધ અડિંગો જમાવનાર શિક્ષકોને દૂર કરવાની માંગ ઉચ્ચકક્ષાએ કરીને જો કાર્યવાહી ન થાય તો આંદોલનની ચીમકી આપી છે.

પત્રમાં જણાવેલ છે કે, લીલીયા તાલુકાની શિક્ષણ કચેરીમાં વર્ષોથી અડીંગો જમાવીને બેઠેલ એક આચાર્ય અને એક શિક્ષકને ટી.પી.ઈ.ઓ. કચેરી લીલીયા ખાતે આ વહીવટી કામગીરીનો ઓર્ડર કોના દ્વારા કરવામાં આવ્યો છે તેવો પ્રશ્ન ઉપસ્થિત કરતાં જણાવ્યું કે, આ શિક્ષક છેલ્લા ૧૨–૧૩ વર્ષોથી બાળકોના શિક્ષણના ભોગે ટી.પી.ઈ.ઓ. કચેરી લીલીયા ઓફીસમાં વહીવટી કામગીરી કરે છે. જેમાં શિક્ષણ તંત્રની ઘોર બેદરકારી સામે આવતી હોય તેવું સ્પષ્ટપણે જણાઈ રહ્યું છે.

નાયબ પ્રાથમિક શિક્ષણ નિયામકના પત્ર અન્વયે તારીખ ૨૨/૨/૨૦૨૪ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અમરેલીએ પણ અમરેલી જિલ્લાના તમામ તાલુકામાં કામગીરી ફેરફારથી કામ કરતા પ્રાથમિક શિક્ષકોના હુકમો સત્વરે રદ કરવા જણાવેલ છે. પરંતુ ઉપરોકત પરિપત્રને પણ ઘોળીને પી ગયા હોય તેવું ટી.પી.ઈ.ઓ. કચેરી, લીલીયા અમારી તાલુકા ટીમ (પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘ –લીલીયા) રજૂઆત કરવા ગયા તો તેમને પણ કહેવામાં આવ્યું કે શિક્ષક અમારા વિસુ માણસ છે અને કોને કામ કરવા બોલાવવા કે કોને નહીં તે કચેરીએ જોવાનુ છે. તો શું લીલીયા તાલુકાના આશરે ૨૨૫ શિક્ષકોમાંથી બીજા કોઈ વિસુ છે જ નહીં કે શું ?? આ ઉપરાંત HTAT આચાર્યો પણ છે જ ! જેઓ પાસે આ વહીવટી કામગીરી શા માટે કરાવતા નથી.

આ ઉપરોકત બાબતોથી તો એવું સ્પષ્ટપણે જણાઈ રહ્યું છે કે શિક્ષક અને તેમના મળતીયાઓ આ ઓફિસે પડયા રહે છે જેમ પોતાની પ્રાઈવેટ પ્રોપર્ટી હોય. તેમજ લીલીયા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ટી.પી.ઈ.ઓ. વિઝીટ દરમિયાન પણ આ શિક્ષકોને સાથે લઈ જાય છે. જેથી આ શિક્ષકોને ટી.પી.ઈ.ઓ. પર સાથ સહકાર આપી રહ્યાનું સ્પષ્ટ પણે જ સાબિત થાય છે.

જો ટી.પી.ઈ.ઓ. શિક્ષક અને તેમના મળતીયાઓને ઓફીસે બોલાવતા રહેશે તો ના છૂટકે અમારી ટીમને આંદોલનાત્મક કાર્યક્રમ અને ગાંધીનગર ઉપલી કક્ષાએ જાણ કરવી પડશે તેમ અંતમાં જણાવેલ છે.

## દાદાસાહેબ ફાળકે ચિત્રપટ યુનિટ દ્વારા યોજાનાર

# ઓલ ઈન્ડિયા કોમ્પિટિશનમાં સંગીતકાર, કેમેરામેન, લાઈટમેનને ઝળકવાની તક

**યુનિયનની વેબસાઈટ અને હેલ્પલાઈન પર સંપર્ક કરવા જણાવાયું**











અમરેલી, તા. ૨૯

દાદાસાહેબ ફાળકે ચિત્રપટ યુનિટ દ્વારા ઓલ ઈન્ડિયા સિંગીગ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવેલ છે. કલા અને કલાકાર હોય, સંગીતકાર હોય, કેમેરામેન હોય કે લાઈટ મેન હોય કે પછી સ્પોટ બોય હોય દરેકના હિત માટે અને સારૂં એવું પ્લેટ ફોર્મ મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ અને કાર્યરત એવા ભારત સરકાર માન્યતા પ્રાપ્ત અને ફિલ્મ જગતના ભીષ્મ પિતામહ કહેવાતા દાદા સાહેબ ફાળકે કે જેઓએ ભારતમાં ફિલ્મ જગતની શરૂઆત કરી તેના વંશજો દ્વારા બનેલ સૌથી જૂનું અને સર્વ પ્રથમ યુનિયન ભારત સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત યુનિયન છે.

ઓલ ઈન્ડિયા પ્રેસિડેન્ટ અજિત મામૂલકર સાહેબની ઘોષણા મુજબ દાદા સાહેબ ફાળકે ચિત્રપટ યુનિયન દ્વારા ઓલ ઈન્ડિયા સિંગીગ કોમ્પિટિશનનું આઓજન કરવામાં આવ્યું છે, ગાયન ક્ષેત્રે પોતાનું નામ રોશન કરવા માંગતા ગાયકો માટે આ એક ગોલ્ડન ચાન્સ છે. અને ગુજરાતનાં કલાકારો માટે પણ આ એક સારો અવસર છે. કારણકે ગુજરાતમાં હવે રાષ્ટ્રીય સ્તરની સિંગીગ કોમ્પિટિશનનું આયોજન થશે. કલા અને મનોરંજન ક્ષેત્રે પ્રગતિ કરતાં આપના આ ગુજરાતમાં વધુ એક માઈલસ્ટોન ઉમેરો થવા જય રહયો છે. જયાં એટ્યુડના નામથી ગાયન પ્રતિયોગીતાનું ગ્રાન્ડ ફાઈનલ ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં થશે.

જેમાં સિંગીગ ક્ષેત્ર નામના મેળવવા ઈચ્છતા ગાયકો પોતાના સૂરીલા કંઠની અને પોતાની કલાને રજૂ કરવા એકત્રિત થશે વધુમાં ગુજરાત વર્કિંગ પ્રેસિડેન્ટ અફજલભાઈ મહેતર જણાવે છે કે આ કોમ્પિટિશનમાં મુખ્ય જજ તરીકે બોલિવુડના ખ્યાત નામ સિંગર અને પોતાના અવાજની એક અલગ જ ઓળખ ધરાવતા હાલમાં જ વાઈરલ થયેલ ઘાઘરા સોંગ ફેઈમ અને ચોલી કે પીછે કયાં હે, ખલનાયક, હોલિયા મે ઊડેરે ગુલાલ, ગુપચુપ ગુપચુપ, ખલનાયક હે નું ફેઈમ ઈલા અરૂણજી તેમજ પ્લેબેક સિંગર અને ગોલ્ડ મેડાલિસ્ટ એવા ગૌરી ત્રિપાઠી અને જન્મથી સંગીત સાથે જોડાયેલ અને શાસ્ત્રીય સંગીતકાર એવા ભારતના સુપ્રષિદ્ધ રામપુર સહસવાન ઘરાનાના ઉત્તરાધિકારી એવા ઉસ્તાદ મકબૂલ હુશેનખાન અને જીશાનખાનની જજ તરીકેની પેનલ છે. માટે દરેક નાનામાં નાના ગામથી લઈ તાલુકા, જિલ્લા, શહેર કે રાજયમાંથી વધુમાં વધુ લોકો પાર્ટિસિપેટ કરે અને પોતાનો અવાજ દૂનિયા સુધી પહોંચાડે તે માટે દાદાસાહેબ ફાળકે ચીત્રપટ યુનિયન અને ઓલ ઈન્ડિયા પ્રેસિડેંન્ટ અજિત મામૂલકરનો સહયોગ રહેશે.

ડીએસપીસી યુનિયનની પેનલ ઓલ ઈન્ડિયા પ્રેસિડેંન્ટ અજિત મામૂલકર, ડો. દિપક, ગુજરાત પ્રેસિડેન્ટ ઋષિરાજસિંહ જાડેજા, રેવંતભાઈ ગજ્જર, સિદ્ધાર્થ નિરંભાવણે, કોકર્ણા ઘોષ, અફજલભાઈ મહેતરના સહયોગથી ઓલ ઈન્ડિયા એટ્યુડ સિંગીગ કોમ્પિટિશન ઓલ ફાઈનલ મુંબઈમાં અને ગ્રાન્ડ ફાઈનલ ગુજરાતનાં ગાંધીનગરમાં થશે. આ એટ્યુડ સિંગીગ કોમ્પિટિશનનું ભારતના દરેક રાજયમાં ઓડિશન થશે. જેમાં દાદા સાહેબ ફાળકેના ઓલ ઈન્ડિયાના ૮૫૦થી પણ વધુ કાર્યકર્તાઓનો સહયોગ રહેશે. રજીસ્ટ્રેશન માટે દાદાસાહેબ ફાળકેની વેબ સાઈટ પરથી થશે. www.dspcunion.com ગૂગલ ફોર્મ દ્વારા પણ રજીસ્ટ્રેશન થઈ શકશે.

વધુ માહિતી માટે યુનિયનની વેબસાઈટ તથા હેલ્પલાઈન પર ૮૧૦૮૧ ૪૮૮૮૯, ૭૦૪૬૬ ૨૪૯૦૭, ૭૦૨૧૬ ૯૨૩૯૨, પર સંપર્ક કરવા જણાવાયું છે.

## મહિલાઓને નાણા ખર્ચીને પીવાનુ પાણી મંગાવવુ પડે છે

# જાફરાબાદમાં ઉનાળાનાં પ્રારંભે જ પીવાનાં પાણીની સમસ્યા વિકરાળ થતાં નગરજનોમાં રોષ

**આઝાદીનાં ૭૭ વર્ષ બાદ પીવાનુ પાણી ન મળે તે બાબત અતિ ગંભીર**



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૨૯

જાફરાબાદના સામાકાંઠા વિસ્તારમાં ઘણા સમયથી પાણી અમુક વિસ્તારોમાં વિતરણ કરવામાં ૮ દિવસમાં પણ મળતું નથી લોકોને પીવાનું પાણી તો ઠીક પરંતુ વાપરવાનું પાણી રૂ.૨૦૦ આપી ટાંકાઓ મંગાવી લોકો પાણી પીવા તથા વાપરવા માટે રૂપિયા ૨૦૦ પાણી વેચાતું મંગાવવાની નોબત ગરમીની સિઝનમાં લોકો પાણી વિહોણા ઠંડીની મોસમ વિદાય લઈ રહી છે.

અને ગરમીની સિઝન ડોકાય રહી છે. ભારે ગરમીની આગાહી પણ થઈ રહી છે. ત્યારે આવી ધગધગતી ગરમીમા જીવનની પ્રાથમિક જરૂરિયાત પાણીની સમસ્યા વિકટ બનતાં લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. જિલ્લામાં ગત વર્ષે સારો એવો વરસાદ થયો હતો જેના કારણે પીવાના પાણીના મુખ્ય સ્ત્રોત ધાતરવડી ડેમ તથા અન્ય ડેમો છલોછલ ભરાયા હતા વર્ષભર પુરતું પાણી મળી રહે તેવી આશા શહેરીજનોમા સેવાય હતી પરંતુ ઉનાળાના પ્રારંભે સમયથી જ પીવાના પાણીની સમસ્યા દિનપ્રતિદિન વિકટ બની રહી છે. નગરપાલિકાની કચેરી ખાતે પણ પીવાના પાણીની અનેક ફરિયાદો થઈ રહી છે. અલગ અલગ વિસ્તારોમાં પીવાના પાણીની પોકાર ઉઠ્યો છે. નગરજનો સમયસર પીવાનું પાણી પુરૂ પાડવામાં આવતું ન હોવાના કારણે મુંઝવણમાં મુકાઈ રહ્યા છે. મહિલાઓને પણ પીવાના પાણી માટે પારાવાર હાડમારીનો સામનો કરવો પડી રહ્યો છે. જાફરાબાદ પાલિકાને લોકો દરેક સ્તરે વેરા ભરવા છતાં પણ સુવિધા દેવામાં કેમ આંખ આડા કાન કરવામાં આવે છે.

સુવિધા દેવામાં થતાં તાતાથૈયા જાફરાબાદ નગરપાલિકાને નાગરિકો દ્વારા વેરો ભરવા માટે એક કલાક લાઈનમાં રહી કરવેરા ભરવા છતાં પણ જીવન જરૂરી પાણી પણ દેવામાં પાલિકા કચેરી કરી રહી છે. ઠાગાઠૈયા જાફરાબાદના સામાકાંઠાના જુદા જુદા વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા પ્રતિદિન ગંભીર બની રહી છે. ઉનાળાના પ્રારંભે સમયે પાણીની સમસ્યા વિકટ બનતાં લોકોમાં આક્રોશ અનેક વિસ્તારને પીવાનું પાણી પુરૂ પાડતા ડેમ ભરપૂર માત્રામાં જળરાશી હોવાછતાં જાફરાબાદ નગરપાલિકા તંત્રની બેદરકારીના કારણે અનેક વિસ્તારોમાં પાણીનો પુરવઠો સમથસર મળતો નથી ઘણાખરા વિસ્તારોમાં વીસથી પચ્ચીસ દિવસ સુધી પાણીની સમસ્યા ગંભીર બની છે. અહીં ના વિસ્તારોમાં ખુબજ અપુરતા ફોર્સથી અનિયમિત પાણી વિતરણ થતું હોવાથી લોકો મુશ્કેલીમાં મુકાય ગયા છે. પાલિકાના તંત્ર એ તાત્કાલિક આ સમસ્યાનું નિરાકરણ લાવવું જોઈએ અને પુરતાં ફોર્સની નિયમિત પાણી વિતરણ કરાય તેવી વ્યવસ્થા કરવા સ્થાનિક લોકોની માંગ પાણી જીવન જરૂરી હોય પાણી થી લઈને અન્ય જીવન જરૂરી કામગીરી થતી નથી પરંતુ પાલિકા દ્વારા ઘણા ખરા વિસ્તારોમાં પાણી વાપરવાનું તો ઠીક છે પરંતુ પીવાનું પાણી પણ અમુક વિસ્તારોમાં ન હોવાથી પીવાના પાણી ના ફાંફાં હાલ ઉનાળાના પ્રારંભે પણ સમસ્યા દિન પ્રતિદિન ગંભીર બની છે. લોકચર્ચાઓ થઈ રહી છે. હાલતો લોકો પાલિકાથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. અધિકારી ને ફોન કરવાથી પણ પાણી વિતરણ કરવામાં ન આવેતો આનો મતલબ એ થયો કે જવાબદાર અધિકારીઓ આ બાબતે કંઈજ નથી કરી શકતા તેનું ઉત્તમ ઉદાહરણ અહીં આપણે જોઈ શકો છો. ફોન કરવા છતાં નળનું પાણી ન મળે તો સમાચાર માં અહેવાલ રજૂ થઈ પછી કામગીરી કરવામાં આવે તેવી બાધા લીધી હોય તેવું લાગી રહ્યું છે. જનતા જનાર્દન ટેક્ષ ભરવા છતાં પણ સૂવિધા નામે મીંડુ પાણી બાબતે લોકો માંથી માંગ ઉઠી છે. કે સમયસર પાલિકા પાણી વિતરણ કરવામાં આવે તેવી લોકોમાંથી માંગણી છે.

## લીલીયામોટાનાં સરપંચે કેસરીયો ધારણ કર્યો



લીલીયા, તા. ૨૯

લીલીયા ગ્રામ પંચાયતમાં ૧૩ વર્ષ પહેલા ભૂગર્ભ ગટરનું કામ કરવામાં આવેલું જેનું આજ દિન સુધી ગટરના પ્રમાણમાં મોટું જેટિંગ મશીન તથા ગટર મેન્ટેનન્સનું કામ ખોરંભે ચડેલ તેમજ પીવાના પાણીના હાઉસ કનેકશનની વ્યવસ્થા તથા એસ. ટી. ડેપોની જગ્યાની ફાળવણી બાબતે તેમજ અમરેલી જિલ્લા પંચાયત પ્રમુખ અને હાલ લોકસભા અમરેલીના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા પ્રમુખ બનતાના ચોથા દિવસે મોટા જેટિંગ મશીન માટે રૂપિયા ૪૫ લાખ જેવી માતભર રકમ ફાળવેલ તેમજ વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ તારીખ ૧૩/૩/૨૦૨૪ ના રોજ લીલીયા એસ.ટી. ડેપોની જગ્યાની ગ્રામ પંચાયત દ્વારા એસ.ટી. વિભાગની જગ્યા ફાળવણી કરતાની સાથે જ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ તેમની આવડત અને કુનેહ મુજબ ગુજરાત સરકારના વર્ષ ૨૦૨૪/૨૫ ના બજેટમાંથી રૂપિયા ત્રણ કરોડ તાત્કાલિક અસરથી ફાળવી આપેલ. ભૂગર્ભ ગટર માટે ૧૧ કરોડ રૂપિયાનું ટેન્ડર કરી આપવામાં આવેલ હોય. ત્યારે આ ટેન્ડર ચૂંટણી પૂર્ણ થતા તાત્કાલિક અસરથી ભૂગર્ભ ગટરનું કામ પણ પંપિંગ સ્ટેશનથી શરૂ કરી દેવાની ખાતરી આજરોજ જીવનભાઈ વોરાને આપવામાં આવેલ હોય. જેના અનુસંધાને લીલીયાની જનતાનું હીત વિચારીને આજરોજ તારીખ ૨૯/૩/૨૦૨૪ ના રોજ વિધિવત રીતે ભાજપમાં જોડાયેલ. વિશેષ સરપંચ દ્વારા જણાવવામાં આવેલ કે લીલીયાના વિકાસને હુંફ આપવા માટે ભાજપમાં જોડાયેલ છું અને આવનાર દિવસોમાં સરકારની વિવિધ યોજનામાંથી મારા લીલીયાની જનતા માટે વિવિધ વિકાસ કામને વેગ આપવાના મારા પુરા પ્રયત્નો રહેશે તેમ જીવનભાઈ વોરા દ્વારા જાહેર કરવામાં આવેલ છે.

## ચુંટણીકાર્ય પડતુ મુકીને સેવા કાર્યમાં જોડાયા

# અમરેલીના યુવા ભાજપનાં અગ્રણીઓએ અકસ્માતનો ભોગ બનેલની મદદ કરી

**ઈજાગ્રસ્તોને કારમાં લઈ જઈને સારવાર કરાવી**



અમરેલી, તા. ૨૯

એક રાજકીય પક્ષના નાનામાં નાના કાર્યકર્તા થી લઈ નેતાઓ સુધી બધા જ માટે લોકહિત પ્રથમ છે બાકી બધું પછી.

'લોક હિતમ મમ કરણીયમ' આ ભાવનાને અમરેલી યુવા ભાજપના મહામંત્રી મૌલિક ઉપાધ્યાય અને બાબરા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરિયા એ ચૂંટણીની દોડા દોડી વચ્ચે પણ પ્રથમ સમાજ પ્રત્યેનું કર્તવ્ય ભૂલ્યા વગર બજાવ્યું હતું.

જીલ્લા યુવા ભાજપ મહામંત્રી મૌલિક ઉપાધ્યાય યુવા મોરચાના કાર્યકર્તાઓ સાથે બાબરા ચૂંટણીલક્ષી મીટીંગ લેવા જતા હતા. ત્યારે રસ્તામાં બે વ્યક્તિઓને અકસ્માત થયો હતો.

ત્યારે તેમણે પોતાની ગાડી ઉભી રાખી દઈ અને બંને ઘવાયેલા યુવાનો કે જે લોહીલુહાણ હતા. તેમને પોતાની ગાડીમાં બેસાડી સિવિલ હોસ્પિટલ પર પહોંચાડ્યા હતા.

બાબરાના શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયાને જાણ થતા તેઓ પણ દોડી આવ્યા હતા. અને બધા આ બંને યુવાનોની સારવાર કરાવી અને પછી જ ચૂંટણી લક્ષી મીટીંગમાં બાબરા ગયા હતા.

## ડેન કંપનીનાં બોક્ષ બદલાવાશે

# અમરેલીમાં કેરીપેકર નેટવર્ક દ્વારા ડીઝીયા કંપની સાથે વ્યાપારિક કરાર

**ગ્રાહકોનાં હિતમાં વ્યવહારૂ નિર્ણય**

અમરેલી, તા. ૨૯

કેરીપેકર નેટવર્ક જે છેલ્લા ૨૦ વર્ષથી અમરેલી શહેરમાં કેબલ નેટવર્કનો વ્યવસાય કરે છે તેમજ ૨૦૦૬–૦૭થી ઓપટીકલ ફાઈબર કેબલ દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં ઓપરેટરની સાથે મળીને કેબલ નેટવર્કનો વ્યવસાય કરે છે અને જયારથી ટ્રાઈ દ્વારા ડીઝિટલાઈજેશનની પ્રક્રિયા કરવામાં આવી ત્યારે કેરીપેકર નેટવર્ક દ્વારા ઓપરેટરો તેમજ ગ્રાહકોનાં હિત માટે ડેન નેટવર્કના ફીડ (સિગ્નલો) લઈને ડીઝીટલ સેટ અપ બોકસ લગાવી નેટવર્કને અપડેટ કરેલ અને શહેર તથા ગ્રામીણ વિસ્તારોમાં ડીઝીટલ પ્રસારણ પુરૂ પાડવામાં આવેલ છે.

કેરી પેકર નેટવર્ક દ્વારા ગ્રાહકો તેમજ ઓપરેટરોનાં હિતમાં હવે ફેરફાર કરવાનું આયોજન કરેલ છે અને ડીઝીયાના નામના નેટવર્ક સાથે મળીને નેટવર્કને અપડેટ કરવાનું નક્કી કરેલ છે. જેમાં હાલમાં નેટવર્કમાં જે ડેન કંપનીનાં સેટ અપ બોકસ લાગેલ છે તેમની સામે ડીઝીયાના કંપની બોકસ બદલી એચડી બોકસા આપવામાં આવશે. હાલમાં ડેન નેટવર્ક દ્વારા ઓપરેટરોને ટ્રાઈ તેમજ બ્રોડકાસ્ટરો દ્વારા નકકી કરવામાં આવેલા જે પેકેજ આપવામાં આવે છે તેમાં ૩૫૦ રૂપિયાવાળા પેકેજમાં ૨૦૫ રૂપિયા ચુકવવાનનાં થાય છે જે ડીઝીયાના નેટવર્કનાં પેકેજમાં ૧૫૬ રૂપિયા લેવામાં આવે છે. જેથી ઓપરેટરોને ૪૯ નો ફાયદો થાય છે તેમજ ગ્રાહકોને પણ ૫૦ રૂપિયાનો ફાયદો થાય છે. ઓપરેટર ભાઈઓ ગ્રાહકો પાસેથી ૩૫૦ના બદલે ૩૦૦ રૂપિયા લઈ શકે છે.

હાલમાં ડેનનેટવર્ક કેરીપેકર નેટવર્કને ડિસ્ટ્રિબ્યુશન પેટે ૧૦ રૂપિયા પર બોકસ કમિશન આપે છે તે કેરીપેકર નેટવર્કને પરવડતું નથી હાલમાં નેટવર્ક ૧૫–૧૭ હજાર રૂપિયા દર મહિને કરે છે તેમજ આ નુકસાની ભોગવીને ગ્રાહકો તેમજ કેબલ ઓપરેટરના હિતમાં નેટવર્ક ચલાવી રહ્યા છે. આ પરિસ્થિતિમાં નેટવર્ક ચલાવવું શકય ના હોય જેથી કરી અન્ય કંપની (ડીઝીયાના) સાથે કરાર કરી તેમનું પ્રસારણ શરૂ કરવાનુ નક્કી કરેલ છે.

જે કંપનીમાં નેટવર્કને ૧૫–૧૬ રૂપિયા જેવું કમિશન પર સેટઅપ બોકસ આપવા કરાર કરેલ છે. જેથી કરીને નેટવર્કને ચલાવવામાં પડતી આર્થિક તકલીફને પહોંચી શકાય. જેથી ગ્રાહકો તેમજ ઓપરેટરોને સારી સુવિધા પૂરી પાડી શકાય. તેમ કેરીપેકર નેટવર્કની યાદીમાં જણાવાયું છે.

## રાજકીય પક્ષોની ભવાઈને મતદારોએ માત્ર તમાશો જ સમજશો

# અમરેલી જિલ્લાનાં વિકાસને પ્રાધાન્ય મળે તે જરૂરી

**જિલ્લાનાં આઝાદીનાં ૮ દાયકા બાદ કયાં વ્યકિત વિકાસ કરી શકશે તેના પર પસંદગીનો કળશ ઢોળશો**

**સત્તાધારી પક્ષ વિકાસ કર્યાનો દાવો કરશે અને વિપક્ષ વિકાસ કરીશુનો દાવો કરવાનાં હોય ચકાસણી કરો**

**જિલ્લાની ૧૫ લાખની જનતા મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર, બિસ્માર માર્ગો, પાણી, શિક્ષણ, આરોગ્ય સેવાને ધ્યાને લે તે જરૂરી**

**રાજકીય આગેવાનો આગામી ૩૫-૪૦ દિવસ સુધી આક્ષેપ પ્રતિઆક્ષેપ કરશે બાદમાં એક થાળીમાં સાથે જમતા જોવા મળશે**

અમરેલી, તા. ૨૯

અમરેલી લોકસભા બેઠકની ચૂંટણી અને મુખ્ય રાજકીય પક્ષોનાં ઉમેદવારોનાં નામ પણ જાહેર થઈ ગયા હોય અને બંને રાજકીય પક્ષોનાં આગેવાનો અને કાર્યકરો વચ્ચે આક્ષેપ-પ્રતિઆક્ષેપ શરૂ થયા હોય જિલ્લાનાં મતદારોએ રાજકીય પક્ષોની ભવાઈમાં રસ દાખવવાને બદલે જિલ્લાનો સર્વાંગી વિકાસ કયાં વ્યકિત કરશે તેના પર ધ્યાન આપવાની ખાસ જરૂર છે.

આઝાદીનાં ૮ દાયકા પૂર્ણ થવામાં છે તેવા સમયે અમરેલી જિલ્લાને વિકાસનાં ફળ મળ્યા છે કે કેમ, જિલ્લામાં બ્રોડગેજ રેલ્વે, કેન્દ્રીય વિદ્યાલય, સારા માર્ગો, પીવાનું પુરતા પ્રમાણમાં શુધ્ધ પાણી, ઉત્તમ કક્ષાની આરોગ્ય સેવા, મફત અથવા તો રાહતદરે શ્રેષ્ઠ શિક્ષણ મળે છે કે કેમ, સરકારી કચેરીમાં ઝડપથી વિનામૂલ્યે કામ પૂર્ણ થાય છે કે કેમ, મહિલાઓની સુરક્ષા છે, ગુંડાગીરી છે કે નહી, દારૂ જેવું દુષણ છે કે નહી, પરિવહન, પર્યાવરણ, સુખ, શાંતિ, સમૃધ્ધિ, રોજગારી મળે છે કે કેમ, રખડતા પશુઓ, ગંદકી, બંધ સ્ટ્રીટલાઈટથી લઈને અનેક પ્રશ્નોનું નિરાકરણ કરવામાં કયો પક્ષ નહી પરંતુ કયાં વ્યકિત સક્ષમ છે તેને ધ્યાને લઈને જ મતદાન કરવાની જરૂર છે.

રાજકીય પક્ષને બદલે જનતાનાં પ્રશ્નોનું નિરાકરણ કરવાની કોનામાં ક્ષમતા છે તેને લઈને જ મતદાન કરવું જોઈએ. કોઈ સક્ષમ વ્યકિત હોય, નિષ્ઠાવાન હોય અને પક્ષ પલ્ટો ન કરે તેવા વ્યકિત અપક્ષ હોય તો પણ તેને તક આપવી જોઈએ.

અમરેલી જિલ્લાનાં મુખ્ય રાજકીય પક્ષોનાં આગેવાનો અને કાર્યકરો આગામી સવા મહિના સુધી આક્ષેપ-પ્રતિઆક્ષેપ કરશે અને ચૂંટણી પૂર્ણ થયા બાદ એક થાળીમાં સાથે જમતાં જોવા મળશે. એટલે મતદારોએ રાજકીય પક્ષોની ભવાઈથી દૂર રહીને શાંતિપૂર્વક વિચાર કરીને જ મતદાન કરવું જોઈએ.

---

## હળવદનાં શકિતપરા ગામની સીમમાંથી


# લીલીયા પોલીસે પોક્સોનાં ગુન્હાનાં આરોપીઓને દબોચી લીધા

**ગણતરીનાં દિવસોમાં ૩ આરોપી ઝડપાયા**

અમરેલી, તા. ૨૯

લીલીયા પંથકમાં પોકસો અને અપહરણનો ગુન્હો કરી નાસતા-ફરતા આરોપીની અટકાયત કરેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, લીલીયા પંથકમાં અપહરણ અને પોકસોનાં ગુન્હામાં ઝડપાયેલ આરોપી મોહસીનભાઈ રહીમભાઈ ચૌહાણ રે. લીલીયા, સહ આરોપી આશિષ ધોળકિયા, અલ્પેશ સેલારને હળવદનાં શકિતપરા ખાતેથી ઝડપી લેવામાં આવેલ છે.



લીલીયા પોલીસ સ્ટેશનના પો.સબ.ઈન્સ.એસ.આર..ગોહીલ ની સુચના મુજબ લીલીયા પોલીસ સ્ટેશનના ટાઉન બીટ ઈન્ચાર્જ ગૌતમભાઈ વલકુભાઈ ખુમાણ તથા પો. કોન્સ. સંજયભાઈ જીવરાજભાઈ ઈટાળીયા તથા પો.હેડ કોન્સ. એસ.કે. ઘાંઘળ તથા પો.કોન્સ. સિધ્ધરાજસિંહ ભરતસિંહ જાડેજા તથા પો.કોન્સ. દિલીપભાઈ જયંતિભાઈ ખુંટ દ્વારા પોકસોનાં ગુન્હાના કામના આરોપી તથા ભોગ બનનારને શોધી કાઢવા માટે અલગ-અલગ ટીમ બનાવી લીલીયા પો.સ્ટે. વિસ્તારમાં અલગ-અલગ જગ્યાએ લગાવેલ સી.સી.ટી.વી. કેમેરા ચેક કરી આરોપી તથા ભોગ બનનારની માહિતિ હ્યુમન એન્ડ ટેકનીકલ સોર્સ આધારે મેળવી અલગ-અલગ માણસોની પૂછપરછ કરી ચોક્કસ બાતમી હકિકતના આધારે હળવદ તાલુકાના શકિતપુરા ગામે આવેલ સીમ વિસ્તારમાંથી સદર અપહરણ તથા પોકસોના આરોપી તથા ભોગબનનારને પકડી ધોરણસરની કાર્યવાહી કરેલ છે.

---

## ભાજપનાં ઉમેદવાર છે તે ગામની અન્ય બે ગામ સાથે અનેરી કહાની

# માન્યતા : લાઠીનાં જરખીયા ગામ સાથે પૌરાણિક કહાનીને લઈને ચમારડી અને નીલવડા ગામને અપૈયો

**જરખીયા નામની કોઈપણ ચીજવસ્તુ ચમારડીને નીલવડાનાં ગામજનો સ્વીકારતા નથી**

અમરેલી, તા. ૨૯

આજનાં એકવીસમી સદીનાં યુગમાં હજુ પણ ગ્રામ્ય વિસ્તારમાં અમુક માન્યતાઓ જોવા મળી રહી છે. અને વર્ષો પહેલા બનેલ કોઈ ઘટના ગ્રામ્ય જનતા ભુલતી નથી અને માન્યતા અને પરંપરાનું આજે પણ પાલન કરે છે.

દરમિયાનમાં ભાજપનાં ઉમેદવાર ભરતભાઈ સુતરીયા જરખીયા ગામનાં છે અને વર્ષો પહેલા એક સંતે તેના શિષ્યો સાથે જરખીયા ગામેથી પસાર થયા હતા જયાં, શિષ્યોએ શેરડીનો રસ કે ગોળ ખાવા ની ઈચ્છા વ્યકત કરતાં સંતે શિષ્યોને કીધુ કે તમને ગોળ કે રસ આપે તો પીજો તેમ કહીને તેઓ લાઠી જતા રહયા બીજી તરફ શિષ્યોને ગોળ કે રસ ન મળતાં અને આ વાત લાઠી જઈને શિષ્યોએ સંત ને કહેતા ત્યારથી તે સંતે જરખીયા ગામ સાથે કોઈ વ્યવહાર ન કરવો જોઈએ તેમ કહેતા વર્ષો બાદ આજે પણ બાબરાનાં ચમારડી અને નીલવડાનાં ગામજનો જરખીયાની કોઈ ચીજવસ્તુ સ્વીકારતા નથી અને ગામમાં કોઈ પરિણીતા જરખીયા ગામથી કોઈ ચીજવસ્તુ કરિયાવરમાં લાવી હોય તો તેનો પણ અસ્વીકાર કરે છે. તેવી માન્યતા હોય ભાજપનાં ઉમેદવારને ચમારડી અને નીલવડાનાં મતદારો શું કરે છે તેના ઉપર સૌની નજર મંડાયેલી છે.

---

## જગતાત ગણાતા ખેડુત ઉપર આફત આવી

# વડિયાનાં દેવળકી ગામે ઘંઉમાં આગ લાગતાં ખેડુતોને નુકસાન

**વીજપોલ ઉપર તીખારા પડતા પાક ખાખ**

વડિયા, તા. ૨૯

મહામહેનતે ધરતી પુત્રોએ ફસલ ઉગાડી હોય ત્યારે પાક તૈયાર થાય અને મુખેથી કોળિયા છિનવાઈ ગયો જેવી ઘટના બની વડિયાના દેવળકી ગામના ખેડૂત મોહનભાઈ વલ્લભભાઈ બોરડના પાંચ વીઘા ના ઘઉં બળી ગયા ની ઘટના પ્રકાશમાં આવી છે ત્યારે ખેડૂત ના જણાવ્યા અનુસાર પોતાના ખેતરમાં વીજળી નો પોલ આવેલ છે જેના તીખારા ઘઉં ઉપર પડતા સળગી ગયાં નો આક્ષેપ કરવામાં આવ્યો હતો

હાલ ઘઉં ની મોસમ ચાલી રહી છે ખેડૂતો પોતાના ખેતર હોઈ આજુબાજુના ખેડૂતો પણ દોડી આવ્યાં હતાં



તસ્વીર : જીતેશગીરી ગોસાઈ-વડિયા

---

# વડોદરા-અમદાવાદ વચ્ચે ટોલ ટેક્સમાં ૫ થી લઈને ૧૫ રૂપિયા જેટલો વધારો

અમદાવાદ, તા. ૨૯

વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ-વે અને નેશનલ હાઈવે ૪૮ દ્વારા મુસાફરી કરનારા લોકો માટે મહત્વના સમાચાર આવ્યા છે કારણ કે આ રસ્તાઓ પર વડોદરા-અમદાવાદ વચ્ચે ટોલ ટેક્સમાં ૫ રૂપિયાથી લઈને ૧૫ રૂપિયા જેટલો વધારો કરવામાં આવ્યો છે. IRB અમદાવાદ-વડોદરા સુપર એક્સપ્રેસ ટોલવે પ્રાઈવેટ લિમિટેડ દ્વારા આ વખતે જે વધારો કરવામાં આવ્યો છે તે એ રીતે કરાયો છે કે કાર, જીપ, વાન, હળવા મોટર વાહનોવાળા પર વધુ ભાર ન પડે. કેટલાક કિસ્સાઓમાં તો ફક્ત રિટર્ન ફીમાં જ વધારો કરવામાં આવ્યો છે. વધેલા ભાવ મુજબ વડોદરાથી અમદાવાદ વચ્ચેની એક્સપ્રેસ વેની ટોલ ફીલ કાર-વાન જીપ જેવા વાહનો માટે હાલ તો ૧૩૫ રૂપિયા યથાવત છે. પરંતુ વાસદથી વડોદરા આવવા માટે નેશનલ હાઈવે ૪૮ પર જે ટોલ ફી પહેલા કાર જીપ માટે ૧૫૦ રૂપિયા હતી તેમાં ૫ રૂપિયા જેટલો વધારો કરતા ૧૫૫ રૂપિયા થઈ છે. જો કે રઘવાણજ ખાતે કાર-જીપની ટોલ ફી ૧૦૫ રૂપિયા યથાવત છે. અમદાવાદ એક્સપ્રેસ વે અને નેશનલ હાઈવે પર વાહનોએ વધુ ટોલ ટેક્સ ચૂકવવાનો વારો આવશે. જો કે સૂત્રો મુજબ આ વધારો ૫થી ૧૫ રૂપિયા જેટલો જ રહેશે. નેશનલ હાઈવે ૪૮ પર રઘવાણજ ખાતે જીપ-કારનો ટોલ યથાવત છે. જે ૧૦૫ રૂપિયા છે. એલસીવી માટે ૧૭૦ રૂપિયા, ટ્રક અને બસ માટે ટોલ ૩૪૫ રૂપિયા થયો છે. વાસદ ટોલનાકાથી વડોદરા આવવા માટે ટોલ ફી જીપ-કાર માટે ૧૫૫ રૂપિયા, એલસીવી માટે ૨૪૦ રૂપિયા, બસ કે ટ્રક માટે ૪૯૦ રૂપિયા ચૂકવવાનો વારો આવશે.

અત્રે જણાવવાનું કે કંપનીઓ દર વર્ષે પહેલી એપ્રિલથી ટોલ ટેક્સમાં ફેરફાર કરતી હોય છે. આ ફેરફારને નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા મંજૂરી આપવામાં આવે છે. વધારા પહેલી એપ્રિલથી અમલમાં આવશે.

---

## ચાલું મોબાઈલ અને પ્રવાહી ભરેલ બોટલ સાથે

# રાજુલાનાં પોલીસ સ્ટેશનમાં આવીને ધમાલ કરનાર ૩ ઈસમ વિરૂધ્ધ ફરિયાદ

**પોલીસને બદનામ કરવાની પણ ધમકી આપી**

અમરેલી, તા. ૨૯

રાજુલા પોલીસ સ્ટેશનમાં અના.એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા કિરણબેન પ્રતાપભાઈ સોસા તા. ૨૮ના બપોરે ૨/૫૫ વાગ્યે પોતાની કાયદેસરની ફરજમાં હતા તે દરમ્યાન જાફરાબાદ તાલુકાના લોઠપુર ગામે રહેતા મેહુલ ઉર્ફે દુડી મથુરભાઈ વાઘેલા નામનાં આરોપી રાજુલા પોલીસ સ્ટેશનમાં પોતાના એક હાથમાં પ્રવાહી ભરેલ બોટલ તથા બીજા હાથમાં મોબાઈલ ફોન ચાલુ રાખી પોલીસ સ્ટેશનમાં આવી પી.એસ.ઓ. ટેબલ પાસે બોટલમાંથી થોડુક પ્રવાહી પી લઈ અને એ.એસ.આઈ. તથા સાહેદોને જેમ ફાવે તેમ ગાળો આપી તેમજ ખરાબ વર્તન કરી ગર્ભિત ગુન્હાહીત ધમકી આપી હતી અને પોલીસ સ્ટેશનમાં પ્રતિબંધિત એરિયામાં પ્રવેશ કરી પરવાનગી વગર મોબાઈલ ફોનમાં આરોપી મેહુલ ઉર્ફ દુડી મથુરભાઈ વાઘેલા તથા આરોપી સેજલ ઉર્ફ સેમુ (રહે. રાજુલા)એ વિડિયો રેકોર્ડ ઉતારી તેમજ આરોપીની સાથે સંકળાયેલ તથા અગત્ય ગુનાની ચાલતી તપાસ તેમજ સમયાંતરે અન્ય ગુપ્ત કામગીરી ખુલ્લી પાડવાનો પ્રયાસ કરી તેમજ તેને વાઈરલ કરવાની સંભાવના હોય. તેમજ પોલીસને બદનામ કરવાના ઈરાદે આવી તેમજ આરોપી હરસુર ઉર્ફ લાલો ભરતભાઈ ધાખડા (રહે. રાજુલા)એ પોલીસ સ્ટેશનના દરવાજા પાસે સાથે આવી ગાળો બોલી આ ત્રણેય આરોપીઓએ સાથે મળી પૂર્વ આયોજીત ગુન્હાહિત કાવતરૂ રચી પોલીસને બદનામ કરવાની તથા દબાવવાની કોશિષ કરી પોલીસ વિરૂધ્ધમાં ફરીયાદ કરવાની ગર્ભિત ધમકીઓ આપ્યાની રાજુલા પોલીસ સ્ટેશનમાં અના.એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા કિરણબેન પ્રતાપભાઈ સોસાએ ફરિયાદ નોંધાવી છે.






















## વાર્તા–વૈભવ

## રાણકદેવીના ગાલ પરનું લાખું

– રાહુલ શુકલ

**આવતા અંકનું ચાલુ....**

હું મારી જિંદગીમાં પરોવાઈ ગયો છું તેમ એ એની જિંદગીમાં પરોવાઈ ગઈ હશે. અમેરિકામાં પાંત્રીસ વર્ષ કેવા પવનવેગે ઊડી ગયાં ! સિદ્ધાર્થે શરૂનાં વર્ષોમાં
એન્જિનિયરની નોકરી કરી. શિલ્પાની મોટી આવક સ્ટાક માર્કેટમાં ઈન્વેસ્ટ થતી
હતી. રીઅલ એસ્ટેટમાં રોકાણ વધતું જતું હતું. પછી શિલ્પા કહે : 'તું નોકરી છોડીને આપણા પૈસાનો વહીવટ કરે તો સારૂં. ગની દહીંવાલાની ગઝલો ભુલાતી
જતી હતી. એમનાં બન્ને બાળકો મોટાં થઈ ગયાં હતાં. મોટા દીકરા રાજને ત્યાં
એક બાબો હતો નીલ. નીલના વાળ ઉતરાવવા બહુચરાજી લઈ જવાનો હતો.
શિલ્પા નીકળી શકે તેમ નહોતી. રાજ કે એની પત્ની નીકળી શકે તેમ નહોતાં.
સિદ્ધાર્થને ફૂલટાઈમ નોકરી હતી નહિ અને આમનીલને ભારત લાવવાની
જવાબદારી સિદ્ધાર્થને માથે આવી હતી.

બહુચરાજીમાં નીલના વાળ ઉતરાવી લીધા. પછી એક દિવસ પોતાના ગ્રાન્ડ – સનને વઢવાણ સિદ્ધાર્થ લઈ ગયો. ભોગાવો નદીના પુલ પર દોડતી ભારત ટ્રામવે વર્ષોથી બંધ થઈ ગઈ હતી. ભોગાવો નદી સાવ જ સુકાઈ ગઈ હતી. પહેલાં રેતી હતી ત્યાં ઘાસ ઊગી ગયું હતું. એક બાજુ ગંદા પાણીનાં ખાબોચિયાં હતાં. નદીનું તો જાણે નામ નશાન જતું રહ્યું હતું.
રાણકદેવીના મંદિરની બહાર હજુ એ જ મોટો ડેલો હતો. મંદિરના ચોગાનમાં હજુય એ જ સૂનકાર, નિસ્તબ્ધતા હતી. નીલને સામે વડ પાસે રમવા જવું હતું. સિદ્ધાર્થે એમના ડ્રાઈવરને કહ્યુંઃ 'તમે નીલને ત્યાં રમવા લઈ જાવ. હું જલદી દર્શન કરીને આવું છું.'

સિદ્ધાર્થ ગઢની રાંગના મંદિરનાં ઊંચાં પગથિયાં ચડતો હતો ત્યાં ઉપરથી કોઈ લીલી સાડી પહેરેલી જાજરમાન સ્ત્રી પગથિયાં નીચે ઊતરતી હતી. જેમ એ સ્ત્રી નજીક આવતી ગઈ તેમ સિદ્ધાર્થે જોયું કે કોઈ પચાસ કે સાઠ વર્ષની સ્ત્રી હતી, પણ આંખોમાં કેવું તેજ હતું ! સિદ્ધાર્થ વચ્ચેના પગથિયે ઊભો રહી ગયો. પેલી લીલી સાડીવાળી સ્ત્રી પણ ખચકાઈને ઊભી રહી અને સિદ્ધાર્થ સામે તાકી રહી. એનું શરીર સપ્રમાણ હતું, વાળની વચલી થોડીક લટો સાવ સફેદ થઈ ગઈ હતી અને એનાજમણા ગાલે, કાન પાસે લાખું હતું.
'રેણુકા ? સિદ્ધાર્થના અવાજમાં આઘાત અને અચંબો.

'સિદ્ધાર્થ ! રેણુકાએ જાણે એક લાંબા નિઃસાસા સાથે કહ્યું. 'તું અહીં કયાંથી ? અને તું અહીં કયાંથી ?રેણુકાને સામે પૂછયું.

'જો ને પેલા વડ પાસે રમે છે તે મારો ગ્રાન્ડ સન છે. એના વાળ ઉતરાવવા

આવવાનું હતું. શિલ્પાને રજા મળે તેમ નહોતું. મારો સન રાજ અને એની વાઈફ આર એકસાઈટિંગ એ સેકન્ડ ચાઈલ્ડ. તો મારા માથે નીલને ભારત લાવવાની જવાબદારી આવી.' પછી સિદ્ધાર્થ કહે, 'સો ટેલ મી એબાઉટ યોરસેલ્ફ.'

'નથિંગ ટુ ટેલ.' રેણુકાનો મક્કમ અવાજ અને પછી એણે સહેજ માથું ધુણાવ્યા કર્યુ. 'કમ ઓન રેણુકા, તું કયાં સેટલ થઈ છે?

રેણુકા થોડી વાર સિદ્ધાર્થના ચહેરા સામે તાકી રહી. પછી કહે, 'યુ ડોન્ટ નો એની થિંગ, ડુ યુ?

'નો. આઈ અમ સારી કે હું ત્યારે તારો સંપર્ક કર્યા વગર ભારત છોડીને ચાલી ગયો.

'ધેટ ઈઝ ઓલ યુ આર સોરી ફાર ? ગયો.

પણ તું કાંઈ કહે તો મને ખબર પડે ને ? સિદ્ધાર્થ રેણુકાનો હાથ પકડવા

પ્લીઝ, ડોન્ટ ટચ મી, એવર ! રેણુકા એટલું બોલી ઊંધી ફરી, અને સડસડાટ મંદિરનાં પગથિયાં ચડીને ઉપરના ઓટલે પહોંચી ગઈ.

સિદ્ધાર્થ એની પાછળ ગયો.' રેણુકા, ટેલ મી એબાઉટ યોરસેલ્ફ. તારે શું છે ફમિલીમાં ?

રેણુકાના મોઢા પર તુચ્છકારવાળું સ્મિત. પછી એ કહે, ' તને ખબર છે, તું અમેરિકા જતો રહ્યો ત્યારે હું પ્રેગ્નન્ટ હતી !

'ઓહ માય ગોડ !

હા, મારા ડેડી સાથે આપણી વાત કરી. હું વઢવાણ આવી. તારા લગ્નના સમાચાર સાંભળીને હેબતાઈ ગઈ. અને ત્યારે જ મને ખબર પડી કે હું પ્રેગ્નન્ટ છું.

અહીંની સરકારી હોસ્પિટલના ડાકટર દેસાઈ પાસે ગઈ અને આજીજી કરી કે મને અબોર્શન કરવામાં મદદ કરે. એણે ના પાડી. કોઈ બીજા ડાકટર ઉપાધ્યાયના કમ્પાઉન્ડરની મદદ માગી. એમણે પણ ના કહી. એક નર્સ કહે કિવનાઈનની વીસ ગોળી લેશો તો મિસકેરેજ થઈ જશે. દવાવાળાએ ડાકટરની ચિટ્ઠી વગર કિવનાઈનની ગોળી આપવા ના કહી. તારા વઢ વાણના કોઈ લોકોએ મને મદદ ન કરી. બાજુના લીંબડી ગામના ડાક્ટરે કિવનાઈનની ગોળીની મોટી બાટલી આપી. મારા હૃદયમાં ધ્રાસકો હતો. મેં વીસને બદલે પચાસ ગોળીઓ લઈ લીધી. મિસકેરેજ તો થઈ ગયું, પણ પછી છ મહિના સુધી બ્લીડિંગ બંધ ન થયું. ત્રણ મહિના મુંબઈની હાસ્પિટલમાં રહી. યુટરસ કાયમ માટે ડમેજ થઈ ગયું. સિદ્ધાર્થ સૂનમૂન આંખે રેણુકા તરફ જોઈ રહ્યો.
રેણુકાએ સિદ્ધાર્થની છાતી તરફ આંગળી દેખાડીને કહ્યુંઃ 'સિદ્ધાર્થ, મારા એ

કુમળા બાળકનો હત્યારો તું છે. આજની તારીખે, પાંત્રીસ વર્ષ પહેલાં મેં પચાસ ગોળીઓ ખાઈ લીધી હતી. મારા આત્માની એ દિવસે આ ભોગાવોના કિનારે રાખ થઈ ગઈ. માત્ર શરીર બચ્યું છે અને દર વર્ષે આ તારીખે હું વઢવાણ આવું છું, લીલી ચૂંદડી પહેરીને આ મંદિરે આવું છું, અને મારા અકાળે મૃત્યુ પામેલા બાળ કની શાંતિ માટે રાણકદેવીને પ્રાર્થના કઢં છું.

'આઈ અમ સો વેરી સોરી, સિદ્ધાર્થના અવાજમાં ગુનેગારની લાચારી. 'વ્હાટ કન આઈ ડુ ટુ મેઈક ઈટ બેટર?'જસ્ટ નેવર એપિયર અગેઈન ઈન માય લાઈફ.અને રેણુકા મંદિરનાં પગથિયાં ઊતરવા લાગી. પછી એક પગથિયું ઊતરીને સિદ્ધાર્થ તરફ ફરી. 'સિદ્ધાર્થ, તું ત્યારે કહેતો હતો કે તને બહુ ઈંતેજારી હતી કે રાણકદેવી કેવી લાગતી હશે. તો લે ધારી ધારીને મને જોઈ લે. રાણકદેવીને જમણા ગાલે લાખું હતું, એની જમણી બ્રેસ્ટ પર લાખું હતું અને તમે વઢવાણના લોકો જન્મોજન્મથી રાણકદેવીનો વિશ્વાસ ઘાત કરો છો. અને ફરી એક પગથિયું ઉપર ચડી સિદ્ધાર્થની સામે જઈને રેણુકાએ કહ્યું : 'જો જરા ગઢની રાંગની બહાર નજર કર. ભોગાવોમાં જે થોડુંઘણું પાણી પાંત્રીસ વર્ષ પહેલાં હતું તે સાવ સુકાઈ ગયું. તારા પાપ અને તારા વિશ્વાસઘાતની સજા બિચારી આ નિર્દોષનદીએ ફરી ભોગવવી પડી.
અને ધીમા દઢ પગલે રેણુકા મંદિરનાં પગથિયાં ઊતરી, ડેલી ખોલીને બહાર ચાલી ગઈ.**(સંપૂર્ણ)**

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**

# બાલ એકસપ્રેસ

▪ ઉખાણા ▪ બાળવાર્તા ▪ જોડકણા ▪ બાલગીત ▪ જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી

## અમરેલીની ઓપન જેલ

સૌરાષ્ટ્રમાં એક માત્ર અમરેલી શહેરમાં ઓપન જેલ આવેલી છે. ઈ. ૧૯૬૮માં શરૂ થયેલી આ ઓપન જેલ અમરેલીમાં સ્થાપવાનો જશ અમરેલીના પનોતા પુત્ર અને ગુજરાત રાજયના પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજભાઈ મહેતાને ફાળે જાય છે. ૪૨ એકર જેટલી જમીનમાં ફેલાયેલી આ જેલમાં જન્મટીપની સજા ભોગવતા કેદીઓને રાખવામાં આવે છે. જેઓ મુકતપણે હરી–ફરી શકે છે. ખેતીકામ કરે છે. અહીં, ઘઉ, રજકો, શાકભાજી, બોર વગેરે વસ્તુઓનું વાવેતર કરવામાં આવે છે.

આ જેલમાંના કેદીઓ ખેતીકામ કરે છે. તેઓને અદ્યતન ખેતીપદ્ધતિની જાણકારી મળવા ઉપરાંત સમાજમાં તેમની જરૂર છે, એવું તેમને લાગવા માંડે છે. કારણ, સામાન્ય, જેલોમાંના સલામતીના બંધનોથી તે મુકત હોય છે. કંટાળી વાડ કે મૂછાળા પોલીસની નજર હેઠળ નહીં, પંરતુ દૂર સુધી ફેલાયેલા લીલાછમ ખેતરોમાં કેદી તરીકે પોતાની સજા ભોગવતા હોય છે.

અમરેલીની આ ઓપન જેલમાં એક સમયે પચાશ કરતાં વધારે કેદીઓ હતા. પરંતુ એ પછી કેદછઓની સંખ્યા મર્યાદિત કરી નાખવામાં આવી હતી. આ કેદીઓ રેંટિયો કાંતી સૂતર વણતા. આ જેલની ખાદી એક સમયે વખણાતી. આ ખાદી જોડ અને ટકાઉ રહેતી તેથી



ગામડાંના પ્રજાજનો માટે તે સસ્તી પુરવાર થતી હતી. ગામડાંમાં આ ખાદીની સારી માંગ રહેતી.

મહાન ફિલ્મસર્જક વ્હી

**ભાતીગળ સૌરાષ્ટ્ર**

શાંતારામની શ્રેષ્ઠ કહી શકાય એવી ' દો આંખે બારહ હાથ' ફિલ્મ જેઓએ જોઈ હશે તેઓ જાણતા હશે કે, ખુલ્લી જેલમાં કેદી પર કોઈ રોકધામ નથી હોતી. માત્ર તેઓને કેદી હોવાનો અહેસાસ થતો રહે તે માટે તેણે કેદીનાં સફેદ કપડાં અને માથે સફેદ ટોપી પહેરવા પડતા હોય છે.

## ચાલો રમીએ એનઘેન

કબુતર બોલ્યું
ચકલીબેન,
ચાલોરમીએ
એનપેન !
ચકલી કે'છે
મારે કામ,
રમવાનું ના
લેશો નામ.
કબુતર બોલ્યું :
કાબરબહેન
ચાલોરમીએ
એનઘેન !
કાબર કહે
ના રમવું હો,
મારે બાકી
જમવું છે.
કબુતર બોલ્યું :
ફકડી બહેન.
ચાલોરમીએ
એનઘેન !
ફકડી બહેન થયાં
તૈયાર
કબુતર કહે
હોશિયાર
બેઉ રમ્યાં
રમ્મત ભારે પડી ગમ્મત


**– ડાંગર જાનહવી, ધો.૫, રૂપાયતન પ્રા.શાળા**

## ૨૬–પંચતત્વોનો પરિચય

**શિશુવંદના**

– ગિજુભાઈ ભરાડ

બાળકોને તેના પ્રથમ પાંચ વર્ષમાં જ પંચતત્વોનો સારી રીતે પરિચય થઈ જવો જોઈએ. ખુલ્લા મેદાનોમાં, ઊંચી અટારી ઉપર અને બારીની નજીક દૂર ક્ષિતિજોમાંથી આવતા પવનનો બાળકને પરિચય કરાવવો જોઈએ.પંખાની અને એ.સી. મશોનોની હવા ઘેરી બને લે એ પહેલા એને કુદરતના અણમોલ આનંદ સરીખા પવનના સપાટામાં તરતા મૂકવા જોઈએ. એ જ રીતે નદીનો કિનારો, સરોવર અને વહેતા ઝરણાંની એને નજીક લઈ જઈ જળ ક્રીડાનો આનંદ આપવો જોઈએ. વહેલી સવારે ઊગતા સૂર્યનો પરિચય કરાવવા સહેજ ઊંચાણવાળી જગ્યાએ લઈ જઈ એને પૂર્વાભિમુખ રાખી અંધકાર અને ઉજાસની સંક્રાંતિ બતાવવી જોઈએ. ચોમાસુ આવે ત્યારે કે પછી કોઈવાર ખુલ્લા ખેતરોમાં જઈને પૃથ્વીના સત્વ–તત્વની એને ઓળખ આપવી જોઈએ. થોડાક દાણા ઘર આંગણે એ વાવે અને ઉછેરે તથા વિકસતા છોડના, પુષ્પના આનંદ સાક્ષાત કરે એવી વ્યવસ્થા કરી આપવી જોઈએ. રાત્રે પૂર્ણિમાના ચંદ્ર વેળાએ વરસતી ચાંદનીનો એના પર અભિષેક થવા દેવો જોઈએ અને અમાસની રાતે નક્ષત્રોના ઝૂમખાઓ વચ્ચે એની નજરને રમતા શીખવવું જોઈએ. પંચતત્વનો પરિચય બાળકના જીવનની ભીતરની સમૃદ્ધિને બહુ જ લાબાંગાળા સુધી પરિપોષિત કર્યા કરે છે.



**બાલમિત્રો,**

**મિત્ર એવો કરીએ, જે ઢાલ સરીખો હોય,**
**સુખમાં પાછળ રહે. દુઃખમાં આગળ હોય.**

અહિ મિત્રતાને ઢાલ સાથે સરખાવી છે. યુદ્ધમાં શૂરવીરો પાસે તલવાર અને ઢાલ હોય છે. લડતી વખતે એક હાથમાં તલવાર અને બીજા હાથમાં ઢાલ જયારે શૂરવીર યુદ્ધમા ન હોય ત્યારે ઢાલ પાછળ બાધી હોય છે. પણ યુદ્ધમાં આગળ રહી દુશ્મનની તલવારના ઘા જીલે છે.

મિત્રનું પણ એવું હોવું જોઈએ, મિત્ર ઢાલ સરીખો હોવો જોઈએ. આપણે સુખમાં હોઈએ ત્યારે મિત્ર પાછળ રહી ખુશ થાય ને જયારે મુશ્કેલીમાં હોઈએ તો આપણી આગળ રહી આપણી મુશ્કેલીઓ સાથ સાથે અને સાચો મિત્ર કહેવાય છે.

તમે કૃષ્ણ અને સુદામાની મૈત્રી તો જાણો જ છો. એક દ્વારકાધીશ રજા ને બીજો પરિવારઓ સાથ ગરીબ બ્રાહ્મણ સુદામા પણ જયારે કૃષ્ણ સુદામાનું નામ સાંભળે છે ને કૃષ્ણ ઉઘાડા પગે દોડી સુદામાન વલગી પડે છે. કેવી અદભૂત મિશ્રા જયારે આજનો તવંગર માણસ ગરીબ માણસની સામે પણ ન જુએ અવવાની વાત તો પછી આવે.

એવુ બીજુ ઉદાહરણ પાણી અને સેવાળનું છે. પાણી હોય ત્યા સુધી સેવાળ લીલી રહે છે. ને જયારે પાણી સુકાય જાય ત્યારે સેવાળ પણ મરી જાય છે. બાળમિત્રો, તમે પણ સાચા મિત્ર બનનો તે બનાવજો.

## બાલવાર્તા : અડધી પૂરી

પધ્મભૂષણ એવોર્ડથી સન્માનિત ડોકટર કે. રાધાકૃષ્ણન જાણીતા ભારતીય વૈજ્ઞાનિક છે. તેઓ ભારતીય અંતરક્ષિ સંશોધન કેન્દ્ર (ઈસરો) સંસ્થાના અધ્યક્ષ રહી ચૂકયા છે.

ડો. રાધાકૃષ્ણને કેરળ વિશ્વવિદ્યાલય માંથી ઈ.સ. ૧૯૭૦ના વર્ષમાંઈલેકટ્રીકલ એન્જીનિયરીંગની પદવી મેળવી હતી. એમણે ઈસરો સંસ્થામાંપોતાના કાર્યકાળમાંવિક્રમ સારાભાઈ સ્પેસ સેંટર, તિરુવનંતપુરમ ખાતે એવિયાનિકસ ઈજીનિયરીંગના રૂપમાંઈ.સ. ૧૯૭૧ના વર્ષ દરમ્યાન શરૂ કર્યુ ડો. રાધાકૃષ્ણને ઈસરોના અધયક્ષ તરીકે પોતાની પહેલી પ્રાથમિકતા વર્ષના અંતમાંઉડાડવા માટેના જીએસએલવીને માટે સ્વદેશી ક્રાયોજેનિક એન્જિન તૈયાર કરવાનુંકહ્યુંછે. વૈજ્ઞાનિક ક્ષેત્ર સિવાય તેઓ એક સારરા ગાયક અને કથ્થકનૃત્યકાર પણ છે.




જગદીશચંદ્ર બોઝ (ત્રીસમી નવેમ્બર, ૧૮૫૮–ત્રેવીસમી નવેમ્બર ૧૯૩૭) પોતાના સમયના અગ્રતમ ભૌતિશાસ્ત્રીમાંના એક હતાં. તેઓ કોલકતા શહેરમાંઆવેલી પ્રેસિડેન્સી યુનિવર્સીટી ખાતે ભૌતિકશાસ્ત્રી હતાં. માઈક્રોવેવનો અભ્યાસ કરનાર તેઓ પ્રથમ વૈજ્ઞાનિક હતાં. કેસ્કોગ્રાફ, રેઝોનન્સ, રેકોર્ડર વગેરેની શોધ કરી વનસ્પતિમાંમાનવીની માફક સંવેદના હોય છે તે સાબિત કરી આખા જગતને આંજી નાખ્યું.

**મોકલનાર : દેવાંગીબા એસ.જાડેજા**

## ૧૦ – ભગિની નિવેદિતા

**જન્મ : ૨૮ ઓકટોબર, ૧૮૬૩**
**મહાપ્રયાણ : ૧૩ ઓકટોબર, ૧૯૧૧**

ભગિની નિવેદિતાનો જન્મ ૨૮ ઓકટોબર, ૧૮૬૩ના રોજ કાઉન્ટી ટાયરોન, આયર્લેન્ડના ડુંગનન શહેરમાં મેરી ઈસાબેલ અને સેમ્યુઅલ રિચમંડ નોબેલને ત્યાં થયો હતો. તેણીનું મૂળ નામ માગરિટ એલિઝાબેથ નોબેલ. આ નામ તેમનાં દાદીના નામ પરથી રાખવામાં આવ્યું હતું. તેઓ ધ નોબલ્સ સ્કોટિશ વંશના હતા. આ પરિવાર લગભગ પાંચ સદીઓથી આયર્લેન્ડમાં સ્થાયી થયો હતો. તેમના પિતા પાદરી હતા. તેમણે શીખવ્યું હતું કે માનવજાતની સેવા એ ભગવાનની સાચી સેવા છે. ચાર ભાઈ–બહેનોમાં થી માગરિટ સૌથી મોટાં હતાં. માગરિટના પિતા ૧૮૭૭માં મૃત્યુ પામ્યા ત્યારે તે ૧૪ વર્ષનાં હતાં. માગરિટ તેની માતા અને બે ભાઈ–બહેનો સાથે તેના દાદા હેમિલ્ટનના ઘરે રહવા આવ્યા. ૧૮૮૪ માં સતર વર્ષની ઉમરે તેમણે કેઝવિકની શાળમાં અભ્યાસ શરૂ કર્યો. ૧૮૮૬માં તેઓ અનાથાઆશ્રમમાં ભણાવવા માટે રગ્બી ગયા હતા. સિસ્ટર નિવેદિતા પહેલીવાર સ્વામી વિવેકાનંદને ૧૮૯૫માં લંડનમાં



મળ્યાં હતાં. ૧૮૯૬માં જયારે બીજી વાર સ્વામીજીને મળ્યાં ત્યારે વિવેકાનંદને ગુરુ માની લીધા. દીક્ષા લઈને ''ભારત સે પ્યાર કરો, ભારતીયોં કી સેવા કરો. '' આ મંત્ર લઈને ઈ.સ. ૧૮૯૮ માં ભારતમાં આવ્યા. માગરિટ ૨૮ જાન્યુઆરી, ૧૮૯૮ના રોજ જહાજ મારફતે કલકતા પહોંચ્યાં. ૨૨ ફેબ્રુઆરીના રોજ તેમણે દક્ષિણેશ્વર મુલાકાત લીધી. તેમણે દીક્ષા આપી ત્યારે નિવેદિતા (જેનો અર્થ 'ભગવાનને સમર્પિત') નામ આપ્યું. હતું. ભારત આવ્યા પછી ૧૭ માર્ચ ૧૮૯૮ ના રોજ તેઓ રામકૃષ્ણ પરમહંસનાં પત્ની શારદાદેવીને મળ્યાં. એ પછી ધીમે ધીમે તેઓ ક્રાતિકારી પ્રવૃતિઓમાં પણ જોડાયાં. ૧૯૦૪માં બંગભંગ વિરોધી આંદોલનની તેમણે આગેવાની લીધી અને યુનિવર્સિટી હોલમાં લોર્ડ કર્ઝનના ભાષણ સમયે તેમણે વિરોધ કર્યો. આ ભાષણની અસત્યતા પ્રમાણિત કરવા માટે




૧૩મી ફેબુઆરીના રોજ 'અમૃત બજાર પત્રિકામાં'માં તેમણે એક લેખ લખેલો. તેમણે આવી અનેક ક્રાંતિકારી પ્રવૃતિઓ અને સેવાકાર્યો કરેલાં. અંગ્રેજો સામે બાથ પણ ભીડેલી અને તેમના વિરુદ્ધ લેખો પણ લખ્યા હતા. ભારતમાં સિસ્ટર નિવેદિતા તરીકે પ્રસીદ્ધ થયેલાં આ મહાન નારીના પુસ્તક 'કાલી ધ મધરે' રવીન્દ્રનાથ ટાગોરને પણ પ્રભાવિત કર્યા હતા. આમ વિદેશમાં જન્મ્યાં હોવા છતાં માતાને પોતાનું જીવન અર્પણ કરીને ૧૩ ઓકટોબર, ૧૯૧૧ના રોજ માત્ર ૪૩ વયે રોય વિલા, દાર્જીલિંગમાં તેમણે અંતિમ શ્વાસ લીધા.

## ૧૩–પારકી આશા સદા નિરાશા

નંદનવનના મધ્યમાં એક તળાવ આવેલું હતું. આ તળાવના કિનારે રેબી સસલો અને રૂબી સસલી રહેતાં હતાં. તેને બે બચ્ચાં હતાં. સુમી અને જુમી. એક દિવસ સુમીએ રેબીને કહ્યું, ''પપ્પા, આજ અમારી સાથે તમે ક્રિકેટ રમો. કાલે રેંટુ ઉંદર અને તેના બચ્ચાં પણ અહીં ક્રિકેટ રમતાં હતાં.''સુમી અને જુમીના આગ્રહને વશ થઈને રેબી ક્રિકેટ રમવા તૈયાર થયો. સુમી ખૂબ સારું રમતી હતી. થોડી વાર રમ્યા પછી સુમીએ દડાને જોરથી ફટકો મારતો દડો તળાવમાં પડી ગયો. ' સિકસ', 'સિકસ', એમ બોલી સુમી હરખાય છે, પણ રેબી મુશ્કેલીમાં મુકાઈ ગયો. તળાવમાંથી દડો કાઢવો કઈ રીતે ? તેને તો તરતાં આવડતું ન હતું. સૌપ્રથમ તે તળાવના કિનારે રેહલા કાચબાને વિનંતી કરતાં કહે કે, ''મારો દડો તળાવમાંથી લાવી આપો ને !'' કાચબો કહે : ''અત્યારે હું આરામ કરું છું. મને ડિસ્ટર્બ કરીશ નહીં'' એમ કહી કાચબો ઊંઘી ગયો. ''મગરભાઈ મગરભાઈ મારો દડો તળાવમાંથી કાઢી આપો ને ! ક્રિકેટ રમતાં તે તળાવમાં પડી ગયો છે.''રેબી બોલ્યો : ''મને અત્યારે ખૂબ ભૂખ લાગી છે હું માછલીઓને શોધી રહ્યો છું. અત્યારે ભૂખથી મારું મગજ કામ નથી કરતું. મને માછલીઓ શોધવા દે. ખોટો અવાજ કર મા. તારા અવાજથી માછલીઓ ભાગી જાય છે. '' મગર બોલ્યો. તળાવની વચ્ચોવચ હાથીભાઈ નાહતા હતા. સૂંઢથી આમતેમ પાણી ઉડાડતા પોતાની મસ્તીમાં લીન હતા. રેબી કહે, '' હાથીભાઈ ! હાથીભાઈ ! મારો દડો તળાવમાંથી કાઢી આપો ને ? ક્રિકેટ રમતાં દડો તળાવમાં પડી ગયો આથી સુમી ખૂબ દુઃખી છે.'' હાથી કહે, ''હું તળાવની



વચ્ચોવચ નાહવું છું. તારો દડો મારાથી ઘણો દૂર છે. કિનારાથી થોડેક જ આઘો છે. હું નહાઈને કિનારે આવું ત્યારે તને દડો કાઢી આપીશ. અત્યારે મને પાણીમાં સારી રીતે ન્હાવા દે.''રેબી ખૂબ નિરાશ થઈ ગયો. તેને આજે સમજાયું કે 'પારકી આશા સદા નિરાશ.' બીજા ઉપર ભરોસે રાખીએ તો નિરાશ થવાનો જ વારો આવે. મારી સમસ્યાનો ઉકેલ મારે જ મેળવવો રહ્યો. બીજાની સમસ્યા કોઈ સમસ્યા કોઈ સમજી શકતું નથી. આમ વિચારી તે ચારે બાજુ જોવા લાગ્યો. તેને વિશ્વાસ બેઠો કે ગમે તે રીતે પ્રયત્ન કરીને દડો તળાવમાંથી કાઢીને જ જંપીશ. વિચારતાં વિચારતાં તેની નજર તળાવના કિનારે પડેલા એક સૂકા લાકડા પર ગઈ. તેનો તરાપો બનાવી તેના પર બેસીને તળાવમાંથી દડો કાઢી લાવે છે. ખરેખર આપણે બીજા ઉપર આધાર ન રાખતાં આપણી શકિતને વિકસાવીને દરેક સમસ્યાનું સમાધાન મેળવવું જોઈએ.



## આ પંખીનું નામ છે. મખમલી થડ ચડ

મખમલી થડચડ સીટ્ટા, ફંટાલીસ, એક નાનું, ગાયક ચકલી વર્ગનું પંખી છે. તે દક્ષિણ એશિયામાં ભારતથી શ્રીલંકા અને દક્ષિણ ચીનથી ઈંડોનેશિયા સુધી મળી આવે છે.આ પક્ષી દરેક પ્રકારનાં જંગલમાં મળી આવે છે. પણ ખુલ્લા નિત્ય લીલાં જંગલોમાં આ પક્ષીને વધુ માફક આવે છે. અન્ય થેચ પ્રજાતિ પ્રમાણે આ પક્ષી પણ ઝાડ પરથી ઉતરી શકે છે. લકકડખોદ જેવા પક્ષીઓ માત્ર ઝાડ પર ચડી જ શકે છે. ઉતરી શકતા નથી. કીટકો અને કરોળીયા પર નભનાર આ એક સક્રીય પક્ષી છે. અને અન્ય પાસેરઈન્સ (ગાયક ચકલી) ના મિશ્ર જુથમાં પણ જોવા મળે છે. મખમલી થડચડને પણ સામાન્ય થડચડ જેવું જ મોટું માથું ટુંકી પૂંછડી તથા મજબુત ચાંચ અને પગ હોય છે. તે લગભગ ૧૨.૫ સે.મી.લાંબુ હોય છે. તે ઉપરથી જાંબલી ભુરારંગનું હોય છે. અંદરનાં અંગો ઘેરા ગળુ ઘઉવર્ણ હોય છે. તેની ચાંચ રાતી હોય છે. અને માથે કાળુ ટીલું હોય છે. નર પક્ષીને કાળી સુપરસીલીયમ ભવા પણ હોય છે. માદાને ભવાં નથી હોતા અને તેમનાં નીચેના આંતરીક ભાગ વધુ ઘેરો હોય છે. નવજાત બચ્ચા, વયસ્કો કરતાં ફીકકા રંગના હોય છે. નીચેના ભાગનાં રંગોની છાયા અને ગળાપરના સફેદ ધાબાનાં પ્રચાર અનુસાર તેની ચાર જાતિઓ મળી આવે છે. તેમના માળા ઝાડની બખોલ કે પોલાણમાં હોય છે. આ એક કિકિયારૂ પક્ષી છે. અને તેના સીટ–સીટ સીટ જેવા અવાજથી શોધી શકાય છે.

**મોકલનારઃ તળશીભાઈ મો.પટેલ**

## મારો પરિચય

(૧) એવી કઈ ચીજ અડધી ખાધી હવા છતા પુરી ખાધી કહેવાય ? **– પુરી**
(૨) સફેદ શરીર, લીલી પુછ ન ખબર, હોય તો ભાઈને પુછ **– મુળો**
(૩) એવી કઈ બુક જે લોકો રોજ ખોલે છે.**– ફેસબુક**
(૪) એવો કયો શબ્દ જેમા ફળ, ફુલ અને મીઠાઈ ત્રણેયનું નામ આવે ? **– ગુલાબ જાંબુ**
(૫) પાણીથી પેદા થાય પાણી માં મરી જાય, બતાવો શું ?**– મીઠું**
(૬) એ શું છે જે વગર પાંખે ઉડે છે. અને વગર આંખે રોવે છે. **– વાદળ**
(૭) એ શું છે જે આવી હતી પણ દેખાઈ નહી ? **– હવા**
(૮) એવું શું છે જે આપણે પાણીની અંદર ખાઈએ છીએ **– છલાંગ**

**નામ : રાઠોડ નિરાલી, ધો.,૫, શાળાઃ રૂપાયતન**

# ચલાલા : ગાયત્રી સંસ્કાર વિદ્યાલય ખાતે કરાટે ગ્રેડેશન પરીક્ષા યોજાઈ




યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ચલાલા ગાયત્રી સંસ્કાર વિદ્યાલય માં ઓલ ઈન્ડિયા વડોકાઈ કરાટે ડો એસોસીએશન અને યથા આર્ટ એકેડમી દ્વારા કરાટે ગ્રેડેશન એક્ઝામનું આયોજન કરવામાં આવેલ. જેમાં ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના ૪૪ વિદ્યાર્થીઓમાંથી ૩૧ વિદ્યાર્થીઓએ વ્હાઈટ બેલ્ટ તથા ૧૩ વિદ્યાર્થીઓએ યલો બેલ્ટ એક્ઝામ આપી ઉતીર્ણ થયા શાળા પરિવારનું ગૌરવ વધાર્યું. આગળ આ વિદ્યાર્થીઓ આગળના બેલ્ટની તૈયારી કરશે તેમજ જિલ્લા હરિફાઈમાં વિજેતા વિદ્યાર્થી સુરત ખાતે ૧૩મી ગુજરાત કરાટે ચેમ્પિયનશિપ રમવા માટે જશે. અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે જેમાં ગુજરાત વડોકોઈ કરાટેના જનરલ સેક્રેટરી સેન્સેઈ મયુરકુમાર ચૌહાણ, રિધ્ધિ મહેતા તથા હદિસા મહેતર દ્વારા તાલીમ આપવામાં આવી હતી. આ વિદ્યાર્થીઓ પ્રગતિ કરે તેવા આશીર્વાદ રતિદાદાએ આપ્યા હતા. તેમજ આ કાર્યક્રમને સફળ બનાવવા ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ, આચાર્ય શીતલબેન મહેતા તેમજ સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

### સીટોની વહેંચણીને લઈને પરસ્પર સહમતિ બની

# બિહારમાં મહાગઠબંધનમાં બેઠકોની વહેંચણી કરાઈ

### કોંગ્રેસને ૯ બેઠકો અને આરજેડીની ૨૬ સીટો મળી

પટણા, તા.૨૯

બિહારમાં મહાગઠ બંધનની અંદર પણ સીટોની વહેંચણીને લઈને પરસ્પર સહમતિ બની ગઈ છે. પ્રથમ તબક્કાના મતદાન માટે નામાંકન પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને હવે સીટ વિતરણની જાહેરાત કરવામાં આવી છે. લાંબા સમયથી ફસાયેલા મહાગઠ બંધનમાં બેઠકોની વહેંચણીનો મુદ્દો ઉકેલાઈ ગયો છે અને હવે કોંગ્રેસને ૯ બેઠકો આપવામાં આવી છે. આરજેડી અને ડાબેરી પક્ષોની બેઠકો પણ જાહેર કરવામાં આવી હતી. લોકસભા ચૂંટણી ૨૦૨૪માં મહાગઠબંધનમાં RJD મોટા ભાઈની ભૂમિકા ભજવશે.

કોંગ્રેસને ૯ બેઠકો આપવામાં આવી છે જેમાં પટના સાહિબ, કટિહાર, કિશનગંજ, પશ્ચિમ ચંપારણ, સમસ્તીપુર, સાસારામ, મુઝફ્ફરપુર, ભાગલપુર, મહારાજ ગંજનો સમાવેશ થાય છે.

ડાબેરી પક્ષોને બેઠકો મળી હતી જેમાં CPI(M)- ખાગરિયા, CPI- બેગુસરાય, CPI(ML)- આરા, નાલંદા, કરકટનો સમાવેશ થાય છે.

આરજેડીની ૨૬ સીટો મળી હતી જેમાં ગયા, નવાદા, જહાનાબાદ, ઔરંગાબાદ, બક્સર, પટના, મુંગેર, જમુઈ, બાંકા, વાલ્મીકિ નગર, પૂર્વ ચંપારણ, શિવહર, પૂર્ણિયા, સીતામઢી, વૈશાલી, સારન, સિવાન, ગોપાલગંજ, ઉજિયારપુર, દરભંગા, મધુબની, ઝંઝારપુર, અરરિયા, સુપૌલ, મધેપુરા, હાજીપુરનો સમાવેસ થાય છે. લોકસભાની ચૂંટણી આ વખતે સાત તબક્કામાં યોજાશે. પ્રથમ તબક્કા હેઠળ ૧૯ એપ્રિલે ૧૦૨ લોકસભા સીટો પર મતદાન થશે. બીજા તબક્કા હેઠળ ૨૬ એપ્રિલે ૮૯, ત્રીજા તબક્કા હેઠળ ૭ મેના રોજ ૯૪, ચોથા તબક્કા હેઠળ ૧૩ મેના રોજ ૯૬, પાંચમા તબક્કા હેઠળ ૨૦ મેના રોજ ૪૯, છઠ્ઠા તબક્કા હેઠળ ૨૫ મેના રોજ ૫૭ અને સાતમા તબક્કા હેઠળ એક જૂનમાં લોકસભાની ૫૭ બેઠકો પર મતદાન થશે. ૪ જૂને પરિણામ જાહેર થશે.વર્તમાન ૧૭મી લોકસભાનો કાર્યકાળ ૧૬ જૂન ૨૦૨૪ના રોજ સમાપ્ત થઈ રહ્યો છે. આ વખતે દેશમાં અંદાજે ૯૭ કરોડ (૯૬.૮ કરોડ) નોંધાયેલા મતદારો છે અને ૧૦.૫ લાખ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા છે. ચૂંટણીના સંચાલન માટે ૧.૫ કરોડ પોલિંગ ઓફિસર અને સુરક્ષા કર્મચારીઓ છે, જ્યારે ૫૫ લાખ ઈવીએમ અને ચાર લાખ વાહનોની વ્યવસ્થા કરવામાં આવી છે.

### પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં બાયપાસ સિવાયનાં

રહેશે.

આ બાબતમાં અમરેલી પાલિકા દ્વારા જણાવવામાં આવેલ છે, કે ગુજરાતપાણીપુરવઠાઅનેગટરવ્યવસ્થા બોર્ડની પાઈપ રીપેરીંગની કામગીરી કરવાના કારણે અમરેલી શહેરમાં અમરેલી નગરપાલિકા તરફથી પાણી વિતરણમાંપાણીઅંશતઃઅથવાતોઓછું પાણીમળશે. પરંતુગુજરાતપાણીપુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની પાઈપ રીપેરીંગની કામગીરી કરવાના કારણે અમરેલી શહેરમાં પાણીની કોઈ ગંભીર અસર થશે નહિ. અને અમરેલી શહેરમાં પાણી વિતરણ શરૂ રાખવામાં આવશે, ગુજરાતપાણીપુરવઠાઅનેગટરવ્યવસ્થા બોર્ડ વિભાગ તરફથી પાણી પુરવઠા અપૂરતા મળવાને કારણે અમરેલીના ભક્તિનગર વોટર વર્કસમાંથી થતાં વિસ્તારમાં પાણી વિતરણ થોડું ઘણું અનિયમિત થશે. પરંતુ ૧૦ દિવસ શહેરમાંપાણીવિતરણબિલકુલબંધરહેશે નહીં. જેથીશહેરમાંનગરજનોનેપાણીનો કરકસર પૂર્વક ઉપયોગ કરવા પાલિકા દ્વારાયાદીમાંજણાવાયુંછે.

### પાના ૮ ઉપરનું ચાલું ખાંભાનાં સરપંચનાં પિતા વિરૂધ્ધ

ખાંભા ગ્રામ પંચાયતમાં કુમારી રીનાબહેનબાબાભાઈ ખુમાણ છે જયારે ખાંભાના ગીરીશભાઈ બાબરીયા નામના દલિતયુવકદ્વારાગતદિવસોમાંતેનાઘર પાસેની ગટર બાબતે રજૂઆત કરાયેલ જેના ઉકેલ માટે ગામના અગ્રણી તરીકે માટે બોલાવેલ હોવાનું બાબાભાઈએ જણાવેલ છે.

આ ફરિયાદના પગલે બાબાભાઈ ખુમાણ ના સમર્થન માં ખાંભા વેપારી એસોસિયન તેમજ તમામ વેપારીઓ આજે તેમના ધંધા રોજગાર બંધ રાખીને ખાંભા મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું અને આ ખોટી ફરિયાદ કરવા માં આવી હતી તે રદ કરવાની માંગ કરવા માં આવી હતી.

### પાના ૮ ઉપરનું ચાલું ૧૫૦ કોંગી/આપના કાર્યકરો જોડાયા

આજે સત્વ અટલધારા કાર્યાલય ખાતે અમરેલી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર ભરત સુતરીયાના અભિવાદન સમારોહ સાથે કોંગ્રેસ આપ તોડીને સાવરકુંડલા લીલિયા મતક્ષેત્રમાં કોંગ્રેસને ધોબી પછડાટ ધારાસભ્ય કસવાળાએ આપી હતી. અમરેલી લોકસભા બેઠકમાં ભાજપ કોંગ્રેસના ઉમેદવારો જાહેર થયા બાદ કોંગ્રેસ આપના ગઠબંધનમાં ઉભા ફાડિયા કરીને કાર્યકર્તાઓ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વિકાસને લક્ષમાં રાખીને જોડાઈ રહ્યા હોય ત્યારે સાવરકુંડલા, લીલીયા વિધાનસભાનું ક્ષેત્ર કોંગ્રેસનો ગઢ માનવામાં આવતો હતો તે ગઢ ના કાંગરા ૨૦૨૨ માં ધારાસભ્ય મહેશ કસવાળાએ ખેરી નાખ્યા હતા ને વધઘટના કોંગી નેતાઓ પણ ધારાસભ્ય કસવાળાની કુનેહ, કાર્યદક્ષતા સાથેના સુવર્ણ કુંડલા બનાવવાના ધ્યેય સાથે કામ કરતા કસવાળા પર વિશ્વાસ મૂકીને એકપણ જાતના કમીટમેન્ટ વિના વિકસિત ભારત ના સ્વપ્નનેસાકાર કરવાના યજ્ઞમાં આહુતિ આપવાના દ્રઢ સંકલ્પ સાથે આજે સાવરકુંડલા તાલુકા પંચાયતના કોંગ્રેસના ત્રણ સદસ્યો, સાવરકુંડલા તાલુકાના કોંગ્રેસના અધ્યક્ષ મનુભાઈ ડાવરા, ખીમજીભાઈ, નરસીભાઈ સહીત સમર્થકો અને સાવરકુંડલા અને ૧૭ ગામોના સરપંચો સાથે સમર્થકો અને તાલુકાના કોંગ્રેસના ત્રણ પદાધિકારીઓ તેમજ સામાજિક આગેવાનો સહિત કુલ ૧૫૦ કાર્યકર્તાઓ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી છોડી અને ભાજપમાં જોડાયા હતા આપ અને કોંગ્રેસના કાર્યકરોનું સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાળા, નાયબ દંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, પુનાભાઈ ગજેરા, જીવનભાઈ વેકરીયા, પ્રવીણ સાવજ, દીપકભાઈ માલાણી, મુકેશ સંઘાણીએ ખેસ પહેરાવીને આવકાર્યા હતા ને લોકસભાના ભાજપના ઉમેદવાર ને ૫ લાખ ની લીડથી જીતવાના અધ્યાયનો આરંભ સાવરકુંડલા ખાતેથી ધારાસભ્ય મહેશ કસવાળાએ કર્યો છે.

### પરષોત્તમ રૂપાલા સામે બદનક્ષીની અરજી

# ક્ષત્રિયોના રોષને જોતા પરષોત્તમ રૂપાલાની સુરક્ષામાં વધારો કરાયો

### પરષોત્તમ રૂપાલાએ માફી માગી છે, પરંતુ ક્ષત્રિયો તેમને રાજકોટની બેઠક પરથી હટાવવાની વાત કરી રહ્યા છે

નવી દિલ્હી, તા.૨૯

કેન્દ્રિય મંત્રી અને ભાજપના નેતા પરષોત્તમ રુપાલાએ ક્ષત્રિય સમાજ વિશે ટિપ્પણી કરી તેનો વિવાદ ઉગ્ર બનતો જાય છે. વિદેશીઓના દમન સામે ઝુકી જઈને રાજા-રજવાડાઓએ રોટી-બેટીના વ્યવહાર કર્યા હતા તેવી રુપાલાની ટિપ્પણીના કારણે આ વિવાદ થયો છે. રુપાલાથી નારાજ ક્ષત્રિય સમુદાયે તેમને રાજકોટની બેઠક પરથી હટાવવા માંગણી કરી છે અને હવે આ મામલે બદનક્ષીની ફરિયાદ પણ દાખલ કરી છે. રુપાલાએ એક વીડિયો બનાવીને ક્ષત્રિય સમાજની માફી માગી લીધી હતી, પરંતુ તેનાથી વિવાદ શમ્યો નથી. પરષોત્તમ રુપાલા રાજકોટની લોકસભા બેઠકના ઉમેદવાર છે અને ક્ષત્રિયોએ તેમને અહીંથી ખસેડવાની માંગણી કરી છે.કોંગ્રેસ નેતા અને ક્ષત્રિય અગ્રણી આદિત્યસિંહ ગોહિલે પરસોત્તમ રુપાલા સામે કોર્ટમાં બદનક્ષીની અરજી કરી છે. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ૧૫ એપ્રિલે તેના પર સુનાવણી થવાની છે. આ દરમિયાન ભાજપે ડેમેજ કન્ટ્રોલનો પ્રયાસ શરૂ કર્યો છે અને આજે ક્ષત્રિય સમુદાયના આગેવાનો સાથે બેઠક યોજવામાં આવશે. સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગરમાં રુપાલાનું પૂતળું બાળવામાં આવ્યું હતું. ક્ષત્રિયોના આક્રોશને ધ્યાનમાં રાખીને પરષોત્તમ રુપાલાની સુરક્ષા વ્યવસ્થા વધારવામાં આવી છે. જાણવા મળતી માહિતી પ્રમાણે રુપાલાના ઘરની બહાર પોલીસની હાજરી પણ વધારી દેવાઈ છે.

રુપાલાએ રાજકોટમાં ચૂંટણી પ્રચાર દરમિયાન રુખી સમાજના કાર્યક્રમમાં હાજરી આપી હતી. ત્યાં તેમણે જે ટિપ્પણી કરી તેનાથી ક્ષત્રિયો નારાજ છે અને રાજકોટની બેઠક પરથી રુપાલાને હટાવવામાં નહીં આવે તો ભાજપ વિરુદ્ધ વોટ આપવાની ચેતવણી આપી છે. ક્ષત્રિય અગ્રણી આદિત્યસિંહ ગોહિલે પરસોત્તમ રુપાલા સામે કોર્ટમાં બદનક્ષીની અરજી દાખલ કરી છે.

૨૪મી માર્ચના રોજ રાજકોટમાં કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાએ જાહેર મંચ પરથી નિવેદન આપ્યું હતુ કે રાજા-મહારાજાઓએ દબાણમાં આવીને અંગ્રેજો સાથે રોટી બેટીના વ્યવહાર કર્યા હતા. જોકે, રૂખી સમાજે દમન છતાં નહોતો ધર્મ બદલ્યો કે નહોતો વ્યવહાર કર્યો. રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિરુદ્ધ કરેલા નિવેદન બાદ માફી પણ માંગી લીધી છે. પરંતુ હજુ સુધી ડેમેજ કન્ટ્રોલ કરવામાં સફળતા નથી મળી. રુપાલા છેલ્લી બે ટર્મથી રાજ્યસભામાં સાંસદ તરીરે ચૂંટાઈ આવ્યા છે. છેલ્લે ૨૦૦૨માં તેઓ વિધાનસભાની ચૂંટણી લડ્યા હતા ત્યારે પરેશ ધાનાણી સામે તેમની હાર થઈ હતી. ત્યાર પછી તેઓ ક્યારેય ચૂંટણીના મેદાનમાં ઉતર્યા નથી. હવે બે દાયકા પછી તેઓ પહેલી વાર લોકસભાની ચૂંટણી લડી રહ્યા છે, પરંતુ તેમની કોમેન્ટના કારણે વિવાદમાં ફસાઈ ગયા છે.

આમ આદમીનું અખબાર

અમરેલી એક્સપ્રેસ

amreli express

આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના




સચોટ-સટીક
સાતત્યસભર દૈનિક

વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪

લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-

અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...

લવાજમની મુદ્દત
તા.૦૧–૦૧–૨૦૨૪
થી
તા.૩૧–૧૨–૨૦૨૪

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩

www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com

### કેરીનો પાક ખરાબ થાય તેવી સંભાવના

# ગુજરાતના વલસાડ જિલ્લામાં છૂટોછવાયો વરસાદ વરસ્યો

## વરસાદથી ખેડૂતોને પાક નુકસાનીનો ડર સતાવી રહ્યો છે

વલસાડ, તા.૨૯

ફરી એકવાર માવઠાના મારથી ખેડૂત થયો છે બેહાલ. એક તરફ હાલ ગુજરાતમાં કાળઝાળ ગરમી પડી રહી છે. ત્યાં બીજી તરફ ભરઉનાળે કેટલાંક વિસ્તારમાં ચોમાસા જેવો ઘાટ ઘડાયો છે. રાજ્યના કેટલાંક વિસ્તારમાં ભરઉનાળે કમોસમી વરસાદ ખાબક્યો છે. માવઠાનો માર જગતના તાત માટે પડતા પર પાટુ સમાન છે. ચોમાસામાં થયેલી પાક નુકસાનીથી બેઠા થઈ રહેલાં ખેડૂતોની હાલત ફરી કફોડી બનશે.

ઉનાળામાં સૌથી મોટી સિઝન હોય છે ફળોના રાજા કહેવાતા કેરીની. ઉનાળાની શરૂઆતથી જ કેરીઓ આવવાની શરૂ થઈ જાય છે. એવામાં કમોસમી વરસાદ કેરીનો પાક ખરાબ કરી શકે છે. કારણકે, હજુ તો કેરીઓ ઝાડ પર હોય છે. આ સિઝનમાં વરસાદની અપેક્ષ ક્યારેય હોતી નથી. આવા અણધાર્યા અને અનઅપેક્ષિત વરસાદને કારણે કેરીનો પાક સાવ ખરાબ થઈ જાય છે. જેથી ખેડૂતોને પણ પાક નુકસાનીનો ડર સતાવી રહ્યો છે. ખાસ કરીને આજે ગુજરાત વલસાડ જિલ્લામાં છૂટોછવાયો વરસાદ વરસ્યો હતો. સેલવાસના છેવાડાના વિસ્તારોમાં માવઠું થયું હતું. કિલવની, ઉમરકુઈ, સીલી સહિતના વિસ્તારોમાં ઝરમર વરસાદ વરસ્યો હતો.

ઝરમર વરસાદથી કેરી પકવતા ખેડૂતોમાં ચિંતા વ્યાપી હતી. સંઘ પ્રદેશ દમણ, દાદરાનગર હવેલીમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. બીજી તરફ રાજ્યના તાપી જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણ બાદ કમોસમી વરસાદ નોંધાયો હતો. સોનગઢ શહેર અને કેટલાક ગામોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. ઘૂટવેલ, મશાનપાડા, ટાપરવાડા સહિતના ગામોમાં વરસાદ વરસ્યો હતો.આ ઉપરાંત ગુજરાતના દાહોદ જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો હતો. દાહોદ શહેર સહિત આસપાસના વિસ્તારમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. વાતાવરણને લઈને ધરતી પુત્રોમાં ચિંતા ફેલાઈ હતી. છોટાઉદેપુરના વાતાવરણમાં પલટો આવ્યો હતો. સવારે આઠ વાગે છોટાઉદેપુરમાં વરસાદ વરસ્યો હતો.

### કેટલાંક શહેરોમાં પારો પહોંચી શકે છે ૪૧ ડિગ્રીને પાર

# ગુજરાતમાં આગામી પાંચ દિવસ ગરમી તોડી શકે રેકોર્ડ

## રાજકોટમાં ૪૮ કલાકમાં ૪૪ લોકોમાં હીટવેવની અસર જોવા મળી : અમદાવાદમાં પણ કાળઝાળ ગરમીનો અનુભવ

અમદાવાદ, તા.૨૯

ગરમીનો પારો સતત ઉપર ચઢી રહ્યો છે. ગુજરાતના લોકો રીતસર કાળજાળ ગરમીથી શેકાઈ રહ્યાં છે. જે પ્રમાણેની આગાહીઓ આવી રહી છે એ જોતા તો એવું લાગે છેકે, આ તો હજુ શરૂઆત જ છે. આ તો હજુ ટ્રેલર છે, ગરમીનું પિક્ચર તો હજુ બાકી છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી પાંચ દિવસ ગુજરાતમાં ગરમી તોડી શકે છે રેકોર્ડ. આગામી પાંચ દિવસ અમદાવાદ સહિત ગુજરાતના કેટલાંક શહેરોમાં ગરમીનો પારો પહોંચી શકે છે ૪૧ ડિગ્રીને પાર. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોની સરખામણીએ શહેરી વિસ્તારોમાં ગરમીનું પ્રમાણ વધારે જોવા મળી રહ્યું છે. તેનું મુખ્ય કારણ છે, સતત વધી રહેલાં ક્રોંકિંટના જંગલો. ઝાડ કપાઈ રહ્યાં છે અને બિલ્ડિંગો બની રહી છે. જેને કારણે ગ્લોબલ વિર્મિંગની અસર પણ વર્તાઈ રહી છે. રાજકોટમાં ૪૮ કલાકમાં ૪૪ લોકોમાં હીટવેવની અસર જોવા મળી છે.

અમદાવાદમાં બપોરના સમય દરમિયાન ચામડી દઝાડે તેવી કાળઝાળ ગરમી અનુભવાય છે. હવામાન વિભાગની આગાહીને પગલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આજે અમદાવાદ શહેરમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. કામકાજ વિના લોકોને ઘરની બહાર ન નીકળવા પણ તાકીદ કરવામાં આવી છે. અમદાવાદ, બનાસકાંઠા, આણંદમાં આજે યલો અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

નિષ્ણાતોના મતે કાળજાળ ગરમીને કારણે લોકોને ગભરામણ, માથામાં દુઃખાવો, પેટમાં દુઃખાવો, ચક્કર આવવા જેવી સમસ્યાઓ પણ થઈ શકે છે. તેથી તંત્ર દ્વારા લોકોને પાણી સહિતના પ્રવાહી વધારે લેવાની સલાહ આપવામાં આવી છે. લીંબુ પાણી અને છાશ જેવા ઠંડા પીણા કાળજાળ ગરમીમાં શરીરને ઠંડક આપે છે.

હજુ માર્ચ મહિનો પૂરો થવામાં છે ત્યાં જ અમદાવાદમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચી રહ્યો છે. આગળ શું હાલત થશે તેની સૌ કોઈને ચિંતા સતાવી રહી છે. જયારે ૩૦ માર્ચથી બે એપ્રિલ દરમિયાન વરસાવતી ગરમીનો પ્રારંભ થઈ ગયો છે. આજે અમદાવાદમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીની આસપાસ જ રહેવાની આગાહી છે.

હવામાન વિભાગની આગાહી અનુસારઅમદાવાદનું તાપમાન શુક્રવારે ૪૧ રહ્યું હતું. શનિવારે ૪૦ જયારે રવિવારથી મંગળવારના ૩૯ ડિગ્રીની આસપાસ રહેશે. ગત રાત્રિએ અમદાવાદનું સરેરાશ લઘુતમ તાપમાન ૨૬.૨ ડિગ્રી સાથે સામાન્ય કરતાં ૪.૩ ડિગ્રી વધારે નોંધાયું હતું. હવામાન વિભાગમાં વર્ષ ૨૦૨૦ સુધીના જે જે આંકડા દર્શાવાયા છે તેના અનુસાર ૨૦૧૧થી ૨૦૨૦ દરમિયાન અમદાવાદનું મહત્તમ તાપમાન ૪૨ને પાર થયું હોય તેવું એક માત્ર વર્ષ ૨૦૧૭માં બન્યુ હતું. હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતમાં અમરેલી, રાજકોટ, વડોદરા, ગાંધીનગર, ભુજ, છોટા ઉદેપુર, ડીસા, બનાસકાંઠા, આણંદમાં પણ યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાતના આ શહેરોમાં પણ સતત ઉપર જઈ રહ્યો છે ગરમીનો પારો.

### બનાસકાંઠામાં કોંગ્રેસને ઝટકો

# પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી ડી.ડી રાજપૂતે કોંગ્રેસને રામ રામ કરી દીધાં

## રાજપૂતના રાજીનામાંથી અનેક તર્ક વિતર્ક વહેતા થયા

પાલનપુર, તા.૨૯

ગુજરાતમાં એક તરફ ઉનાળાની ગરમીનું તાપમાન વધી રહ્યું છે. બીજી તરફ સતત રાજકીય ગરમાવો પણ આવી રહ્યો છે. એવામાં કોંગ્રેસની આશાના કિરણસમી બનાસકાંઠા બેઠકમાં પણ ડખો પડ્યો છે. વાવાના ધારાસભ્ય એક મજબૂત નેતા અને કોંગ્રેસ માટે લોકસભાના એક મજબૂત ઉમેદવાર છે એમા કોઈ બેમત નથી. બનાસકાંઠામાં એક સૂત્ર પણ પ્રચલિત થયું છે બનાસની બેની ગેની...પણ હાલ ગેનીબેનની ટીમ તૂટી રહી હોય તેવી પ્રતિત થઈ રહ્યું છે. લોકસભા અને વિધાનસભાની પેટાચૂંટણી સમયે બનાસકાંઠામાં ચૂંટણીને લઈને વધુ એક ટ્વીસ્ટ આવ્યો છે. બનાસકાંઠામાં કોંગ્રેસને ઝટકો લાગ્યો છે. ચૂંટણી સમયે કોંગ્રેસમાં સતત ગાબડા પડી રહ્યાં છે. આજે બનાસકાંઠા કોંગ્રેસને ઝટકો લાગ્યો છે. પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી ડી.ડી રાજપૂતે કોંગ્રેસને રામ રામ કહીને પંજાનો સાથ છોડ્યો છે. આમ, ગેનીગેનને મોટો ઝટકો પહોંચ્યો છે. કારણકે, ગેનીબેનની ટીમના સેનાપતિ સમાન ડી.ડી.રાજપૂતે કોંગ્રેસને રામરામ કરી દીધાં છે. રાજપૂતના રાજીનામાથી અનેક તર્ક વિતર્ક વહેતા થયા છે. ચર્ચા એવી પણ થઈ રહી છેકે, હવે ગેનીબેન માટે મુશ્કેલીઓમાં વધારો થશે.હાલ કોંગ્રેસના ગેનીબેન અને ભાજપના ડૉ. રેખાબેનના સામેસામે પ્રચંડ પ્રચાર ચાલી રહ્યો છે. તો બીજી તરફ કોંગ્રેસમાં ભંગાણના સમાચાર મળ્યા છે. વર્ષ ૨૦૧૭માં થરાદ બેઠકથી ચૂંટણી લડનાર પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી ડી.ડી રાજપૂતે કોંગ્રેસને રામ રામ કરી દીધાં છે. રામ મંદિર મુદ્દે કોંગ્રેસના વલણથી વ્યથિથ થઈ આત્મના અવાજ સાંભળી કોંગ્રેસ છોડવાનો નિર્ણય લીધો હોવાનું રાજપૂતે આપ્યું છે નિવેદન. થરાદ રાજપૂત સમાજના પ્રમુખ એવા ડી.ડી રાજપૂત કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયા તેવી અટકળો સેવાઈ રહી રહી છે. સૂત્રોની માનીએ તો રાજપૂતની ભાજપ સાથેની ડિલ પણ ફાઈનલ થઈ ગઈ હોવાનું ચર્ચામાં છે. માત્ર ભાજપમાં જોડાણની ઔપચારિક જાહેરાત જ બાકી છે. ઉલ્લેખનીય છેકે, કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોર અગાઉ ભાજપના મંત્રી શંકર ચૌધરીને હરાવીને વિધાનસભાના સભ્ય બન્યા હતા. હવે તેઓએ ભાજપના ઉમેદવાર ડો.રેખાબેનને હરાવીને લોકસભામાં જવાની તૈયારીઓ આરંભી દીધી છે. જોકે, ડીડી રાજપૂત જેવા મજબૂત સેનાપતિએ સાથ છોડતા લોકસભા ચૂંટણી માટે ગેનીબેન માટે આગળનું રાજકીય ચઢાણ હધારે કપરું બનશે.

### ભંગ બદલ દંડ અને સજાની જોગવાઈ

# ૧૯ એપ્રિલથી ગુજરાતના 'એક્ઝિટ પોલ' અને 'ઓપિનિયન પોલ' પર પ્રતિબંધ

## મતદાનનો સમય પૂરો થતો હોય તે સમય પૂર્વેના ૪૮ કલાક દરમિયાન 'ઓપિનિયન પોલ' પર પણ પ્રતિબંધ

અમદાવાદ, તા.૨૯

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તેમજ વિધાનસભાની સામાન્ય ચૂંટણી તથા પેટાચૂંટણી સંદર્ભે ભારતના ચૂંટણી પંચ દ્વારા મીડિયામાં 'ઍક્ઝિટ પોલ' અને 'ઓપિનિયન પોલ' પ્રકાશિત કે પ્રસિદ્ધ કરવા અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જે મુજબ ગુજરાતમાં ૧૯ એપ્રિલ, ૨૦૨૪થી 'ઍક્ઝિટ પોલ' પર પ્રતિબંધ તેમજ ગુજરાતમાં મતદાનનો સમય પૂરો થતો હોય તે સમય પૂર્વેના ૪૮ કલાક દરમિયાન 'ઓપિનિયન પોલ' પર પણ પ્રતિબંધ રહેશે.

આ જાહેરનામા અનુસાર લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૨૬(ક) ની પેટાકલમ (૧)થી મળેલી સત્તાનો ઉપયોગ કરી પેટાકલમ (૨) ની જોગવાઈઓ અનુસાર ગુજરાતમાં લોકસભાની સામાન્ય ચૂંટણી અને ગુજરાત વિધાનસભાની ૦૫ બેઠકોની પેટાચૂંટણી સંદર્ભે તા.૧૯.૦૪.૨૦૨૪ ને શુક્રવારના સવારે ૦૭:૦૦ વાગ્યાથી તા.૦૧.૦૬.૨૦૨૪ ને શનિવારના સાંજના ૦૬:૩૦ વાગ્યા દરમિયાનના સમયગાળામાં પ્રિન્ટ કે ઈલેક્ટ્રોનિક મીડિયા કોઈપણ પ્રકારના 'ઍક્ઝિટ પોલ' કે તેના પરિણામો પ્રકાશિત નહીં કરી શકે. સાથે જ અન્ય કોઈપણ રીતે તેનો પ્રચાર-પ્રસાર કરવા પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ જોગવાઈઓનો ભંગ કરનારને ૦૨ વર્ષ સુધીની જેલ અથવા દંડ અથવા બંનેની સજા થઈ શકે છે. આ ઉપરાંત ભારતના ચૂંટણી પંચના જાહેરનામા અનુસાર 'ઓપિનિયન પોલ' સંદર્ભે, લોકસભાની સામાન્ય ચૂંટણી અને ગુજરાત વિધાનસભાની પેટાચૂંટણીનો મતદાનનો સમય સમાપ્ત થતો હોય તે સમય પૂર્વેના ૪૮ કલાક દરમિયાન કોઈપણ ઈલેક્ટ્રોનિક મીડિયા કોઈપણ 'ઓપિનિયન પોલ' કે અન્ય મતદાન સર્વેક્ષણના પરિણામો સહિત ચૂંટણી સંબંધી કોઈપણ પ્રકારનું સર્વેક્ષણ પ્રદર્શિત કરી શકશે નહીં.

### વિઝા નિયમોને કડક કરવાની કવાયત

# પ્રવાસી ભારતીયોની સંખ્યામાં ભારે વધારાથી પરેશાન બ્રિટન

## નવા નિયમો હેઠળ બ્રિટન જનારા પ્રવાસીઓ પોતાની સાથે પરિવારના કોઈ સભ્યને લઈ જઈ શકશે નહીં

લંડન, તા.૨૯

પ્રવાસી ભારતીયોની સંખ્યામાં ભારે વધારાથી પરેશાન બ્રિટને વિઝા નિયમોને કડક કરવાની કોશિશ કરી છે. નવા નિયમો હેઠળ બ્રિટન જનારા પ્રવાસીઓ પોતાની સાથે પરિવારના કોઈ સભ્યને લઈ જઈ શકશે નહીં. વાત જાણે એમ છે કે છેલ્લા એક વર્ષમાં સાત લાખથી વધુ લોકોએ બ્રિટન તરફ પ્રયાણ કરેલું છે. આ સાથે જ બ્રિટન આવનારા પ્રવાસીઓ માટ સરકાર તરફથી બનાવવામાં આવેલી રવાન્ડા પોલીસીને ત્યાંની સુપ્રીમ કોર્ટે ગેરકાયદેસર ગણાવી છે. ત્યારબાદથી જ સરકાર પર વિજા કાયદાને કડક કરવાનું ભારે દબાણ હતું. ઈમિગ્રેશનને સંખ્યાને ઓછી કરવા માટે બ્રિટન સરકાર તરફથી બનાવવામાં આવેલા નવા નિયમો હેઠળ સ્કિલ્ડ વર્કર્સ માટે ન્યૂનતમ પગાર પેકે પહેલાની સરખામણીમાં લગભગ ૫૦ ટકા વધુ છે. જેના કારણે ભારતીયોને હવે વિઝા લેવા ભારે પડી શકે છે. બ્રિટનમાં હવે આગામી ૪ એપ્રિલથી મિડ લેવલ ટીચર, કેરગિવર્સ, શેફ અને નર્સને સ્કિલ્ડ વર્ક વિઝા માટે ત્યારે જ પ્રવેશ મળશે જ્યારે તેમનો વાર્ષિક પગાર ૪૧ લાખ રૂપિયા પહોંચશે. પહેલા આ પગાર મર્યાદા ૨૭.૫૦ લાખ રૂપિયા હતી.

ભારતના સ્કિલ્ડ વર્કર્સ માટે ફેમિલી વિઝા મેળવવા માટે પગાર મર્યાદામાં ૫૬ ટકા જેટલો વધારો ઝીંકાયો છે. અત્રે જણાવવાનું કે અગાઉ બ્રિટનમાં જો ૧૯.૫૦ લાખ રૂપિયા વાર્ષિક કમાણી હોય તો ભારતીય ફેમિલી વિઝા માટે અરજી કરી શકતું હતુ પરંતુ હવે આ મર્યાદા વધારીને ૩૦.૫૦ લાખ રૂપિયા કરી દેવાઈ છે. આ નવો નિયમ ૧૧ એપ્રિલથી લાગૂ થવાનો છે. વધુમાં નેશનલ હેલ્થ સ્કિમ હેઠળ નોંધણી કરાવવા માટે ભારતીય સ્કિલ્ડ વિઝા ધારકો માટેની વાર્ષિક ફી જે ૬૫૦૦૦ રૂપિયા હતી તે વધારીને હવે એક લાખ ૧૦ હજાર રૂપિયા કરવામાં આવી છે. NHS ફીમાં વધારો ઝીંકીને પ્રવાસી પરિવારો પર લગામ કરવાનો હેતુ છે. બ્રિટનની ઋષિ સુનક સરકારના આવા પગલાઓથી બ્રિટનમાં નોકરી ઈચ્છતા ભારતીયો માટે પડકારજનક સ્થિતિ ઊભી થઈ શકે છે. મિડ લેવલ વર્કર્સ પર નવા નિયમો લાગૂ થવાથી ત્રણ વર્ષની અંદર લગભગ આઠ લાખથી વધુ ભારતીય કામદારોએ બ્રિટનથી માદરે વતન પાછા ફરવું પડી શકે તેવી સ્થિતિ છે.

નોંધનીય છે કે બ્રિટનમાં હાલ આ ભારતીયો ૩ વર્ષના વિઝા પર છે. સરેરાશ પગાર ૨૮ લાખ જેટલો છે. ૩ વર્ષમાં વધી વધીને પગાર ૪૧ લાખ થાય તેવી શક્યતા નહીવત છે. જો આ વર્કર્સના સ્કિલ્ડ વિઝા રિન્યૂ ન થાય તો પાછા ફરવું પડી શકે.

### લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪

# જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા પ્રશિક્ષણ વર્ગોનું આયોજન

અમદાવાદ, તા.૨૯

અમદાવાદ જિલ્લામાં આગામી દિવસોમાં લોકસભા સામાન્ય ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. મતદાનની કામગીરી સુઆયોજિત અને શાંતિપૂર્ણ રીતે સમ્પન્ન થાય તે સુનિશ્ચિત કરવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના માર્ગદર્શન હેઠળ ચૂંટણીલક્ષી વિવિધ કામગીરી સાથે સંકળાયેલા અધિકારીઓ તથા કર્મચારીઓ માટે તબક્કાવાર તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તારીખ ૩૦ માર્ચ અને ૦૧ એપ્રિલના રોજ અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ લોકસભા વિસ્તારમાં સમાવિષ્ટ વિવિધ વિધાનસભા વિસ્તારોના પ્રિસાઈડિંગ ઓફિસર, પોલિંગ ઓફિસર અને ફિમેલ પોલિંગ ઓફિસરના તાલીમ વર્ગો યોજાશે.જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ લોકસભા વિસ્તારમાં સમાવિષ્ટ વિરમગામ(૩૯), સાણંદ (૪૦), વેજલપુર (૪૨), વટવા (૪૩), એલીસબ્રીજ (૪૪), નારણ પુરા (૪૫), નરોડા (૪૭), ઠક્કર બાપાનગર (૪૮), બાપુનગર (૪૯), અમરાઈવાડી (૫૦), દરિયાપુર (૫૧), જમાલપુર- ખાડિયા(૫૨), મણીનગર(૫૩), સાબરમતી(૫૫), અસારવા (૫૬), દસ્ક્રોઈ (૫૭), ધોળકા (૫૮), ધંધુકા (૫૯) વિધાનસભા મતવિસ્તારના પ્રિસાઈડિંગ ઓફિસર, પોલિંગ ઓફિસર અને ફિમેલ પોલિંગ ઓફિસર માટે તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે.આ પ્રશિક્ષણ વર્ગોમાં કર્મચારીઓ/અધિકારીઓને મતદાનના દિવસે કરવાની થતી કામગીરીથી લઈને મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા સુધીની તમામ કામગીરી અંગે વિગતવાર જાણકારી આપીને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. આ તાલીમ વર્ગોમાં માસ્ટર ટ્રેનર્સની ટીમ દ્વારા પ્રિ-પોલ, પોલ-ડે અને આફ્ટર પોલ, EVM, VVPAT, પોસ્ટલ બેલેટ સહિતની તબક્કાવાર તમામ પ્રકારની કામગીરી અંગે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવશે.

### પદ્મિનીબાએ બેઠકનો કર્યો વિરોધ

# પરષોતમ રૂપાલાને માફી આપવા ક્ષત્રિય આગેવાનોએ કરી અપીલ

## ગોંડલના સેમળા ગામે બેઠકનું આયોજન કરાયું હતું ક્ષત્રિય સમાજના અનેક મોભીઓએ નિવેદનને વખોડ્યું

ગોંડલ, તા.૨૯

બીજેપી નેતા અને રાજકોટ લોકસભાના ઉમેદવાર પરષોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિશે કરેલા નિવેદન બાદ ભારે નારાજગી જોવા મળી રહી છે. ક્ષત્રિય સમાજના અનેક મોભીઓએ આ નિવેદનને વખોડી કાઢ્યું અને બીજેપી નેતા સામે કાર્યવાહીની પણ માગણી કરી છે. તો બીજી તરફ વિવાદ વધતા આજે ગોંડલ ખાતે ક્ષત્રિય સમાજના આગેવાનો અને અન્ય રાજકીય આગેવાનો દ્વારા આ મુદ્દે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ગોંડલના સેમળા ગામમાં આવેલા ગણેશ ગઢમાં ક્ષત્રિય સમાજની બેઠક યોજાઈ હતી. જેમાં સૌરાષ્ટ્ર સહિત અનેક ક્ષત્રિય સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા છે. રાજયસભાના સાંસદ, ક્ષત્રિય સમાજના ધારાસભ્યો અને સંગઠનના આગેવાનો ઉપસ્થિત છે. પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાની આગેવાનીમાં બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગોંડલ ખાતે મળેલ બેઠકમાં જયરાજસિંહ જાડેજા (પૂર્વ ધારાસભ્ય ગોંડલ), કિરીટસિંહ રાણા (ધારાસભ્ય), કેસરીદેવસિંહ ઝાલા (રાજ્યસભાના સાંસદ), નરેન્દ્રસિંહ જાડેજા (રાજકોટ લોધીકા સહકારી સંઘના ચેરમેન), રાજકોટ ભાજપના મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, રાજકોટ ભાજપના ઉપપ્રમુખ રાજદીપસિંહ જાડેજા સહીત રાજકોટ શહેર જિલ્લાના ભાજપના ક્ષત્રિય સમાજના નેતાઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા છે. કાઠી ક્ષત્રિય સમાજના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા છે.

રાજકોટ જિલ્લાના પ્રભારી ધવલ દવેએ ક્ષત્રિય સમાજ અને મહારાણા પ્રતાપ વિશે વાત કરી હતી. ભાજપના પીઢ નેતા રાજેન્દ્રસિંહ રાણાને ધવલ દવેએ યાદ કર્યા હતા. કોંગ્રેસના પર ધવલ દવેએ આકરા પ્રહારો કર્યા હતા. પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા ની આગેવાનીમાં ગોંડલ સ્થિત મળેલ બેઠક બાદ સમાધાન થવાની પુરી શક્યતા છે. પરષોત્તમ રૂપાલાએ કરેલ નિવેદન યોગ્ય નથી પરંતુ તેઓએ તુરંત માફી માંગી તો આપણે માફી આપવી જોઈએ. ભૂતકાળમાં અનેક લોકોને માફી આપવામાં આવી છે તો પરષોત્તમ રૂપાલાને પણ માફી આપવી જોઈએ તેવો આગેવાનો દ્વારા મત આપવામાં આવ્યો. ભાજપના અગ્રણી ક્ષત્રિય સમાજના લોકોએ સંબોધન કર્યું.

ગોંડલમાં ક્ષત્રિય અગ્રણી લીમડીના ધારાસભ્ય કિરીટસિંહ રાણા ઉપસ્થિત રહ્યા હતા. કિરીટસિંહ રાણાએ કહ્યું અમે પણ સમાજના વ્યક્તિ. તમને જેટલું દુઃખ થયું,એટલું જ અમને દુઃખ થયું છે. કિરીટસિંહ રાણાએ કહ્યું અમે પણ તમારા થકી જ નેતા બન્યા હતા.

રાજકોટ જિલ્લાના ગોંડલમાં જયરાજસિંહ જાડેજા અધ્યક્ષતા ક્ષત્રિય સમાજની બેઠક પહેલા વિરોધ પણ સામે આવ્યો છે. ક્ષત્રિય સમાજના મહિલા અગ્રણી અને ભાજપ સાથે જોડાયેલ પદ્મિનીબા વાળા દ્વારા બેઠકનો વિરોધ નોંધવામાં આવ્યો છે. જ્યાં સુધી રૂપાલા પોતાની ઉમેદવારી પાછી ન ખેંચે ત્યાં સુધી વિરોધ યથાવત રહેશે. જોકે, એક વાત એક વાત એ પણ છે અગાઉ ખુદ પદ્મિનીબા દ્વારા રૂપાલાનો પ્રચાર કરવામાં આવ્યો છે.

### રાહુલ ગાંધીનું IT ની નોટિસ પર નિવેદન

# સરકાર બદલાશે તો એવી કાર્યવાહી કરીશું કે ફરી કોઈની હિમ્મત નહીં થાય

## ભાજપે યાદ રાખવું જોઈએ કે જ્યારે સરકાર બદલાશે, તો તે લોકોની વિરૂદ્ધ કાર્યવાહી કરાશે : રાહુલ ગાંધી

નવી દિલ્હી, તા.૨૯

લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસે આવકવેરા વિભાગ તરફથી નોટિસ જાહેર કરી દેવાઈ છે. તેના પર કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ સત્તાધારી પાર્ટી ભાજપ પર પ્રહાર કર્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં રાહુલ ગાંધીએ કહ્યું કે, ભાજપે યાદ રાખવું જોઈએ કે જ્યારે સરકાર બદલાશે, તો તે લોકોની વિરૂદ્ધ કાર્યવાહી કરાશે, જેમણે લોકશાહીનું ચીરહરણ કર્યું છે. એવી કાર્યવાહી થશે બીજી વખત ફરી કોઈની હિમ્મત નહીં થાય, આ બધુ કરવાની. આ મારી ગેરેન્ટી છે.

જણાવી દઈએ કે, ભાજપ લોકસભા ચૂંટણીને લઈને 'મોદીની ગેરેન્ટી' અભિયાન ચાલી રહ્યું છે, જે વડાપ્રધાન મોદીના પોતાના ચૂંટણી વચનોને પૂર્ણ કરવાની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. ત્યારે પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પોતાના છેલ્લા વીડિયોમાં ટેગ કરતા પોતાની પોસ્ટ સાથે હેશટેગ #BJPTaxTerrorism નો ઉપયોગ પણ કર્યો છે.

તો, કોંગ્રેસે કહ્યું કે, પાર્ટીને ગત વર્ષોના ટેક્સ રિટર્નમાં વિસંગતતાઓ માટે ૧૮૦૦ કરોડ રૂપિયા જમા કરાવવા માટે આવકવેરા વિભાગથી એક નોટિસ મળી છે. નોટિસને ગંભીર જણાવતા કોંગ્રેસે ભાજપ પર 'ટેક્સ ટેરરિઝ્મ'નો આરોપ લગાવ્યો છે.કોંગ્રેસ નેતા જયરામ રમેશે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, 'કોંગ્રેસને આર્થિક રીતે નબળી પાડવાના પ્રયાસો થઈ રહ્યા છે, પરંતુ અમે ડરવાના નથી. કોંગ્રેસ આવકવેરા વિભાગની આ નોટિસ વિરૂદ્ધ વીકેન્ડ પર દેશવ્યાપી વિરોધ પ્રદર્શન કરવા જઈ રહી છે. લોકસભા ચૂંટણી પહેલા ટેક્સ ટેરરિઝ્મ દ્વારા વિપક્ષ પર હુમલો કરાઈ રહ્યો છે.' કોંગ્રેસના કોષાધ્યક્ષ અજય માકને આરોપ લગાવ્યો કે જે માપદંડોના આધારે કોંગ્રેસને દંડની નોટિસ અપાઈ છે, એજ આધારે ભાજપ પાસેથી ૪૬૦૦ કરોડ રૂપિયાથી વધુની ચૂકવણીની માંગ કરવી જોઈએ.

કાલે અમને આવકવેરા વિભાગ પાસેથી ૧૮૨૩.૦૮ કરોડ રૂપિયાની ચૂકવણી કરવા માટે નોટિસ મળી છે. પહેલા જ આવકવેરા વિભાગે અમારા બેંક એકાઉન્ટથી જબરદસ્તી ૧૩૫ કરોડ રૂપિયા કાઢી લીધા છે.

આ વર્ષે ફેબ્રુઆરીમાં કોંગ્રેસે કહ્યું હતું કે, કથિત રીતે આવકવેરા વિભાગમાં ચૂકના કારણે પાર્ટીના બેંક ખાતા ફ્રીઝ કરી દેવાયા હતા. પાર્ટીને કથિત અતિદેય ટેક્સમાં ૧૩૦ કરોડ રૂપિયાની ચૂકવણી કરવાની નોટિસ જાહેર કરી દેવાઈ હતી.

### કેન્દ્રીય મંત્રીએ કેજરીવાલની પત્ની પર સાધ્યું નિશાન

# કેજરીવાલની ખુરશી પર મેડમ બેસવાની તૈયારીમાં

## કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ જેલમાં બંધ કેજરીવાલ અને તેમની પત્ની સુનીતા કેજરીવાલ પર કટાક્ષ કર્યો છે

નવી દિલ્હી, તા.૨૯

દિલ્હી લિકર પોલિસી કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ કર્યા બાદ આમ આદમી પાર્ટીના નેતાઓ સહિત I.N.D.I.A. ગઠબંધનના નેતાઓ સતત કેન્દ્ર સરકાર પર આંગળી ચીંધી રહ્યા છે, તો બીજીતરફ ભાજપના ઘણા નેતાઓ પણ વિપક્ષના આક્ષેપનો વળતો જવાબ આપી રહ્યા છે, ત્યારે કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ પણ જેલમાં બંધ કેજરીવાલ અને તેમની પત્ની સુનીતા કેજરીવાલ પર કટાક્ષ કર્યો છે.

કેન્દ્રીય મંત્રીએ દિલ્હીમાં મીડિયાને સંબોધતા કહ્યું કે, 'કેજરીવાલની ખુરશી જવી હવે સમયની વાત છે અને મેડમ તે ખુરશી પર બેસવાની તૈયારી કરી રહ્યા છે. કેજરીવાલના પત્ની માત્ર રેવન્યુ સર્વિસમાં કર્મચારી હતા, હવે તેમણે બધાને બાજુએ મુકી દીધા છે. હવે તેઓ કદાચ ટોચના પદ પર બેસવાની તૈયારી કરી રહ્યા છે.'

હરદીપ સિંહ પુરીએ વધુમાં કહ્યું કે, 'એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ કેજરીવાલને નવ વખત સમન્સ પાઠવ્યું હતું, તેમ છતાં તેમણે જવાબ આપ્યો નથી. ત્યારબાદ ઈડીના અધિકારીઓ તેમના ઘરે ગયા. કેજરીવાલનો સમય ખુબ જ સીમિત છે.' ઉલ્લેખનીય છે કે, દિલ્હી લિકર પોલિસીમાં કથિત મની લોન્ડ્રિંગના આરોપમાં કેજરીવાલની ધરપકડ કરવામાં આવી છે. આ પોલિસી રદ કરી દેવામાં આવી છે. કેજરીવાલની ઈડી કસ્ટડી ગઈકાલે વધુ ચાર દિવસ વધારવામાં આવી છે.

હરદીપ સિંહ પુરીએ ટેક્સ મામલે નોટિસનો વિરોધ કરતી કોંગ્રેસની આકરી ઝાટકણી કાઢી છે. તેમણે કહ્યું કે, 'તમામ લોકોએ ટેક્સ રિટર્ન ભરવું પડશે. તેમની (કોંગ્રેસ)ની આવક માત્ર વધી રહી છે. ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસે ટેક્સ નોટિસને દિલ્હી હાઈકોર્ટમાં પડકારી હતી, જોકે કોર્ટે અરજી નામંજૂર કરી દીધી હતી. તેના એક દિવસ બાદ આવકવેરા વિભાગે નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮થી ૨૦૨૦-૨૧માં ટેક્સ ન ભરવા મામલે કોંગ્રેસને ૧૭૦૦ કરોડ રૂપિયાની નોટિસ ફટકારી હતી, જેમાં દંડ અને વ્યાજ પણ સામેલ છે.

## વેપારીઓએ અર્ધો દિવસ ધંધા–રોજગાર બંધ રાખી સરપંચનાં પિતાને સમર્થન કર્યુ

# ખાંભાનાં સરપંચનાં પિતા વિરૂઘ્ધ થયેલ ફરિયાદ રદ કરવા માંગ

**ગાંધીચોકથી રેલી સ્વરૂપે વેપારીઓએ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું**

**વેપારીઓ અને ગામજનોએ થયેલ ફરિયાદ રદ કરવા માંગ કરી**

**સરપંચનાં પિતા વિરૂઘ્ધ એટ્રોસિટી એક્ટ મુજબ ફરિયાદ નોંધાયેલ છે**

**સરપંચનાં પિતાએ કોઈનું અપમાન કર્યુ નથી તેમ ખુલાશો કર્યો**







ખાંભા, તા. ૨૯

ખાંભા ગ્રામપંચાયતના મહિલા સરપંચ કુમારી રીનાબહેન ખુમાણનાં પિતાજી બાબાભાઈ બી. ખુમાણ ઉપર દલિત યુવકે એટ્રોસિટી ફરિયાદ નોંધાવતા ખાંભા શહેરના વેપારીઓ અને રહીશોમાં રોષ ઉભો થયો છે.

ફરિયાદી દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે, ખાંભા ગ્રામ પંચાયતમાં તેણે એક આર. ટી. આઈ. હેઠળ માહિતી માંગવા અંગે સરપંચના પિતાજીએ તેઓને ઢીકા પાટુનો માર માર્યો તેમજ તેમને જ્ઞાતિ વિશે હડધુત કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ સાથે ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે આજે ખાંભાના દરેક નાના મોટા વેપારીઓ દ્વારા બાબાભાઈ ખુમાણના સમર્થનમાં આવ્યા હતા અને વેપારી અગ્રણીઓએ ગાંધી ચોકમાંથી રેલી કાઢી રેલી સ્વરૂપે મામલતદાર કચેરીમાં પહોંચી આવેદનપત્ર પાઠવેલ. સવારથી જ સ્વૈચ્છિક રીતે પોત પોતાના ધંધા રોજગાર અને શાક માર્કેટના વેપારીઓ દ્વારા પણ બંધ રાખી ખાંભા મામલતદાર અંટાળાને આવેદનપત્ર પાઠવ્યું હતું અને આવેદનપત્રમાં માંગ કરવા માં આવી હતી કે આ ફરિયાદને રદ કરવામાં આવે તેમજ ભોગ બનાનાર સરપંચના પિતાને ન્યાય આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

મળતી માહિતી પ્રમાણે

અનુસંધાન પાના ૬ ઉપર

### સરપંચનાં પિતા કહે છે કે થયેલ આક્ષેપ પાયાવિહોણા

ખાંભા, તા. ૨૯

આ અંગે બાબાભાઈ ખુમાણનો સંપર્ક કરતા તેઓના જણાવ્યા મુજબ પોતે સરપંચના પિતા તરીકે ગ્રામ પંચાયતમાં ગયા પણ કામસર ગ્રામ પંચાયતમાં ગયેલ યુવકને માર મારવાનો કે જ્ઞાતિ પ્રત્યે હડધૂત જ કરવાનો આક્ષેપ બે બુનિયાદ અને પાયાવિહોણો છે. આ બાબતે ખાંભા ગ્રામ પંચાયતના કર્મચારીઓએ પણ પોતપોતાના નિવેદનો નોંધાવેલ હોવાનું જણાવેલ છે.

**અશોકભાઈ દેગામા નામના યુવકની ફરિયાદ**

## બગસરાનાં હામાપુર ગામે પેટ્રોલ ભરેલ બોટલ ફેંકી મકાન સળગાવવાનો પ્રયાસ

**સ્થાનિક પોલીસે અજાણ્યા ઈસમ વિરૂઘ્ધ ફરિયાદ નોંધી**

અમરેલી, તા. ૨૯

બગસરા તાલુકાના હામાપુર ગામે રહેતા અશોકભાઈ કડવાભાઈ દેગામા નામનાં ૩૨ વર્ષિય યુવકના ઘર ઉપર ગત તા. ૨૦/૩ના રોજ કોઈ અજાણ્યા ઈસમે કાચની બોટલોમાં પેટ્રોલ ભરી યુવકના ઘરનો નાશ કરવાના ઈરાદે રસોડા ઉપર પેટ્રોલ ભરેલ બોટલ ફેંકી રસોડાના ઉપરના ભાગે રહેલ તાલપત્રી સળગાવી દઈ અને મકાનમાં આશરે રૂા. ૧૦૦૦ નું નુકસાન કર્યાની ફરિયાદ બગસરા પોલીસમાં નોંધાઈ છે.

**ગીરીશભાઈ બાબરીયા નામનાં યુવકને**

## ખાંભામાં આરટીઆઈ અંતર્ગત માહિતિ ન આપીને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યા

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૨૯

ખાંભા ગામે રહેતા ગીરીશભાઈ ખીમજીભાઈ બાબરીયા નામનાં ૨૮ વર્ષિય યુવકે ગત તા. ૫/૩ તથા તા. ૧૧/૩ ના રોજ આરટીઆઈ થકી સરકારી ગ્રાન્ટો અંગેની જે તે માહિતી માંગેલ હતી તે માહિતી નહી આપવા સારૂ તે જ ગામે રહેતા બાબુભાઈ ભીખુભાઈ ખુમાણે તા. ૨૮ના રોજ બપોરે ૨ વાગ્યે યુવકને ફોન કરી ખાંભા ગ્રામ પંચાયત કચેરીની ઓફીસે બોલાવી અને યુવકે માંગેલ આરટીઆઈની માહિતીની હવે તેને જરૂરીયાત નથી તેવો લેખીતમાં વળતો જવાબ કરી આપવાનું કહેલ. જેથી યુવકે તેવો જવાબ નહીં કરી આપવાનું કહેતા આરોપીને સારૂ નહીં લાગતા તેથી એકદમથી ઉશ્કેરાઈ જઈ યુવકને જેમ–ફાવે તેમ ગાળો આપી ડાબા ગાલે બે જાપટ મારેલ તથા તેમના વાસાના ભાગે તથા પેટના ભાગે ઢીકાપાટુ વડે મુંઢ માર મારી તેમની જ્ઞાતિ પ્રત્યે હડધુત, અપમાનીત કર્યાની યુવકે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (બારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.


**તાલુકા પંચાયતનાં ૩ સદસ્યો અને ૧૭ સરપંચોએ કર્યા કેસરીયા**

## સાવરકુંડલા ખાતે લોકસભાનાં ભાજપનાં ઉમેદવારનાં ભરત સુતરીયાનાં સમર્થનમાં ૧૫૦ કોંગી/આપના કાર્યકરો જોડાયા

**મહેશ કસવાલા, કૌશિક વેકરિયા, જનક તળાવીયા, મુકેશ સંઘાણીએ આવકાર્યા**









અમરેલી, તા. ૨૯

અમરેલી લોકસભા ચૂંટણીના ઉમેદવાર જાહેર થતાં જ ધારાસભ્ય મહેશ કસવાળાએ જિલ્લા કોંગ્રેસના ગઢ ગણાતા સાવરકુંડલા લીલીયામાં ગાબડું પાડીને કોંગ્રેસને સ્તબ્ધ કરી દીધી છે ને તાલુકા પંચાયતના વિપક્ષના નેતા સહિત ૨ સભ્યો અને ૧૭ સરપંચો સાથે ૧૫૦ કોંગ્રેસ સમર્થકોને કેસરીયો કરાવીને કોંગ્રેસને અચંબિત કરી દીધી હતી ને

અનુસંધાન પાના ૬ ઉપર


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
59,990/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૯/૦૩/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
✆ 95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



જોઇએ છે
કોમ્પ્યુટર ઓપરેટર.....................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય..............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


**ઉઘાડપગા તબીબની સમસ્યા વધી**

## બાબરાનાં યુવકે નીલવડા ગામે વગર ડીગ્રીએ આરોગ્ય સેવા શરૂ કરી

**સ્પેશ્યલ ઓપરેશન ગૃપે ઝડપી લઈ કરી કાર્યવાહી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૯

બાબરાની રામનગર સોસાયટીમાં રહેતા પ્રતિકભાઈ જુગલભાઈ ગોંડલીયાએ પોતાની પાસે કોઈપણ સરકાર માન્ય એલોપેથીક સારવાર કરવા માટેની ડિગ્રી વગર બાબરા તાલુકાના નિલવડા ગામે કલીનીક ચલાવી દર્દીઓ પાસેથી ફી વસુલ કરી અને સારવાર આપી ડોકટરની રજી. મેડીકલ પ્રેકટીશનરને લગતી ડિગ્રી ન હોવા છતાં એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત અલગ અલગ સાધન સામગ્રી નંગ–૨૨ કિંમત રૂા. ૧૮૫૯૦ ના મુદ્દામાલ સાથે મેડિકલ પ્રેકિટસ કરતા અને પોતાના આ કૃત્યથી માનવ જીંદગી જોખમાય તેમ હોય તેવુ પોતે જાણતા હોવા છતાં દર્દીઓને નિદાન/ સારવાર આપી માનવ જીંદગી સાથે ચેડા કરતા હોય. આ અંગે કોટડાપીઠા મેડીકલ ઓફીસર ડો. નિધી બી. ખેરે તેમને ઝડપી લઈ બાબરા પોલીસમાં પ્રતિકભાઈ જુગલભાઈ ગોંડલીયામાં ફરિયાદ નોંધાવી છે.


મોરબીના ભાવે અહિંથી મળશે
આપનાં સ્વપ્નનાં ઘરને સજાવો અમારી અવનવી અદ્યતન ડીઝાઈન વાળી વિવિધ ટાઈલ્સથી....
એકવાર અવશ્ય મુલાકાત લો...
ટાઈલ્સ હોલસેલ તથા રીટેલ મળશે.
ટાઈલ્સ ડીઝાઈન સ્ટુડિયો
લાઠી રોડ, બાયપાસ ચોકડી, અમરેલી
વિજયભાઈ મો.૯૯૦૧૭ ૬૯૭૫૭
કિશનભાઈ મો.૯૯૨૫૧ ૬૧૧૮૪
મયંકભાઈ મો.૯૯૦૯૯ ૭૭૭૦૫



Krishna DINING HALL

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)